RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 297* Date: 25.08.2022, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# બિહારથી ઝારખંડ સુધી ઈડી દ્વારા તાબડતોબ દરોડા

## રાજદના નેતાઓ અને ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનના નજીકના મિત્રના ઘર સહિત ૧૫ સ્થળોએ દરોડા પડાયા

પટણા,તા.૨૪

બિહારથી ઝારખંડ સુધી કેન્દ્રીય એજન્સીઓએ આજે બુધવારે તાબડતોબ દરોડા પાડ્યા છે. સીબીઆઈએ રેલવેમાં નોકરીના બદલામાં જમીન કૌભાંડ મામલે પટનામાં આરજેડીના એમએલસી સુનિલ સિંહના ઘરે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનના નજીકના મિત્રના નિવાસ સ્થાન સહિત દેશભરના ૧૫ સ્થળોએ દજરોડા પાડયા હતાં સુનીલ સિંહની ગણતરી લાલુ પ્રસાદ યાદવના નજીકના નેતાઓમાં થાય છે. આ કાર્યવાહી એવા સમયે થઈ છે જયારે નીતિશ કુમાર અને તેજસ્વી યાદવની સરકાર વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ સાબિત કરવા જઈ રહી હતી આરજેડી સાંસદ અશફાકના નજીકીના ઘરે પણ દરોડા પાડવામાં આવ્યા છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે સીબીઆઈએ આરજેડી સાંસદ ફયાઝ અહેમદ અને પૂર્વ એમએલસી સુબોધ રાયના ઘરે પણ દરોડા પાડ્યા છે.

બિહાર ઉપરાંત ઝારખંડના માઈનિંગ કૌભાંડમાં પણ ઈડી સક્રિય છે. સીએમ હેમંત સોરેનના પ્રતિનિધિ અને ધારાસભ્ય પંકજ મિશ્રાની પૂછપરછ બાદ કેન્દ્રીય એજન્સીએ દરોડા પાડ્યા છે. ઈડીએ ઝારખંડની રાજધાની રાંચી સહિત અનેક સ્થળો પર દરોડા પાડ્યા છે. ગેરકાયદેસર ખનન અને ખંડણીના મામલામાં ઈડીની કાર્યવાહીથી ઝારખંડનો રાજકીય પારો ગરમાયો છે. ઈડીએ પ્રેમ પ્રકાશના ઘર પર પણ દરોડા પાડ્યા છે, જેને રાજકારણીઓ સાથે સારા સંપર્ક હોવાનું કહેવાય છે.

બિહારમાં લાલુપ્રસાદ યાદવના રાજદના ચાર નેતાઓ પર સીબીઆઈ તથા એન્ફોર્સમેન્ટ વિભાગે દરોડા શરૂ કર્યા હતાં અગાઉ આ પ્રકરણમાં રાજદના પુર્વ ધારાસભ્ય ભોલા યાદવની ધરપકડ થઈ છે. ૨૦૦૪માં જયારે લાલુપ્રસાદ યાદવ રેલવેમંત્રી હતા તે સમયે રેલવેમાં નોકરીના બદલામાં જમીનનું મોટું કૌભાંડ સર્જાયુ હતું જેમાં લાલુપ્રસાદ યાદવના ઓડીસી રહી ચૂકેલા ભોલા યાદવની ભૂમિકા નિશ્ચીત થઈ હતી. આ ઉપરાંત રાજદના પુર્વ ધારાસભ્ય સુબોધ રોયના નિવાસે પણ દરોડા શરૂ થયા છે અને રાજદના સાંસદ અશફાક કરીમ પણ આ દરોડાની લપેટમાં આવી ગયા છે. બિહારમાં આજે સીબીઆઈ દરોડા દિવસ જેવો માહોલ છે. રાજદના ચાર નેતાઓ સહિત રાજયમાં ૧૭ સ્થળોએ કેન્દ્રીય એજન્સીઓ દરોડાની કાર્યવાહી કરી રહી છે તે સમયે પટણામાં પુર્વ મુખ્યમંત્રી રાબડીદેવીના અંગત સચીવ નાગમણી યાદવ ના નિવાસે પણ સીબીઆઈની ટીમે દરોડાની કાર્યવાહી શરુ કરી છે અને રેલો લાલુપ્રસાદ કુટુંબ સુધી પહોંચે તેવા સંકેત છે સીબીઆઈની આ કાર્યવાહી ઉપરાંત ઈડી પણ ઝારખંડમાં એકશનમાં છે અને અહી પ્રેમપ્રકાશ જેઓ મુખ્યમંત્રીના નજીકના ગણાય છે તેઓ પર ઈડી ત્રાટકી છે.

આરજેડીના રાજયસભા સાંસદ મનોજ ઝાએ કહ્યું કે તેને ઈડી, આઈટી કે સીબીઆઈના દરોડા કહેવું ખોટું છે. આ ભાજપની જ રેડ છે. આ તમામ એજન્સીઓ ભાજપની એજન્સી તરીકે એમની નજર હેઠળ કામ કરે છે. તેમની ઓફિસો ભાજપની સ્ક્રિપ્ટ પર જ કામ કરે છે. બિહાર વિધાનસભામાં આજે ફ્લોર ટેસ્ટ થવાનો છે અને શું થઈ રહ્યું છે? આ તો થવાનું જ હતું. તેમણે કહ્યુ કે ભાજપ એ વાતથી નાખુશ છે કે કેવી રીતે નીતીશ કુમારે તેમનો પક્ષ છોડ્યો અને જનતાના હિતમાં તેને ગઠબંધનમાં ફેરવી દીધું. તેમણે કહ્યું કે આ ગઠબંધન લોકોના હિત માટે કરવામાં આવ્યું છે. દરોડાનો સામનો કરી રહેલા આરજેડીના એમએલસી સુનિલ સિંહે પણ ભાજપ પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે આ દરોડો જાણીજોઈને ભાજપના ઈશારે પાડવામાં આવ્યો હતો. તેનો કોઈ અર્થ નથી. દરોડા પડવાના ડરથી કેટલાક ધારાસભ્યો તેમની સાથે જોડાશે તે વિચારીને આ લોકો આવું કરી રહ્યા છે. પરંતુ એવું કંઈ થવાનું નથી લાલુ પ્રસાદ યાદવની દીકરી રોહિણી આચાર્યએ સીબીઆઈની કાર્યવાહી પર ભાજપનું નામ લીધા વગર કહ્યું-આ બળાત્કારી પાર્ટી છે. ફ્લોર ટેસ્ટ પહેલાં જ નિમ્નકક્ષાએ આવી ગઈ છે. તેમણે પોતાના પાલતુ જાનવરને ડરાવવા માટે મોકલ્યા છે. રાજદે કહ્યું, બિહારમાં ફ્લોર ટેસ્ટ પહેલાં જ કેન્દ્ર સરકાર જાણીજોઈને દરોડા પડાવી રહી છે. આ બધું ભાજપના ઈશારે થઈ રહ્યું છે. હમ બિહારી હૈ, ટિકાઉ હૈ, બિકાઉ નહીં...સુનીલ સિંહના ઘર પર સીબીઆઈના દરોડા અંગે ભાજપ તરફથી પણ પ્રતિક્રિયા આવી છે. બીજેપી નેતા રામેશ્વર ચૌરસિયાના કહેવા પ્રમાણે, જ્યારે પણ કંઈક મળે છે, ત્યારે જ સીબીઆઈ જાય છે. રામેશ્વર ચૌરસિયાએ કહ્યું કે, અમારી સરકાર ચાલતી હતી ત્યારે પણ દરેકને નોટિસ મોકલવામાં આવી હતી. ભોલા યાદવની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે પણ કંઈક મળે છે, ત્યારે જ સીબીઆઈ પાસે જાય છે. એક વાત સ્પષ્ટ દેખાઈ રહી છે કે દિલ્હીમાં સત્યેન્દ્ર જૈનની ધરપકડ બાદ કેજરીવાલે કહ્યું હતું કે હવે પછીનો વારો મનીષ સિસોદિયાનો છે કારણ કે તેઓ જાણતા હતા કે તેમના પછી ભ્રષ્ટાચાર આ કરી રહ્યો છે. હવે જ્યારે કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે તેઓ હોબાળો મચાવી રહ્યા છે.સીબીઆઈ પોતાની શરતો પર કામ કરે છે. બિહારમાં જે કેબિનેટની રચના કરવામાં આવી છે તેમાં અડધા લોકો અલગ-અલગ કૌભાંડના આરોપી છે.



## દિલીપ ધોષના સીબીઆઈ અને બંગાળ સરકાર વચ્ચે સેટિંગના નિવેદન પર ભાજપે રાજય એકમ પાસે રિપોર્ટ માંગ્યો

કોલકતા,તા.૨૪

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળ ભાજપથી પાર્ટી ઉપાધ્યક્ષ દિલીપ ધોષની સીબીઆઈની વિરૂધ્ધ ટીપ્પણી પર વિસ્તૃત રિપોર્ટ માંગ્યો છે.કેન્દ્રીય ભાજપ નેતૃત્વે વાયરલ વીડીયોનું વિવરણ હિન્દી અને અંગ્રેજી અનુવાદમાં માંગ્યુ છે.જેમાં ધોષ કહેવાતી રીતે સીબીઆઈની વિરૂધ્ધ બોલતા જોવા મળી રહ્યાં છે.

સુત્રોના જણાવ્યા અનુસાર અમિત શાહ અને ન.ડ્ડાએ પાર્ટીની એકમને તેમને અલગ અલગ રિપોર્ટ મોકલવા કહ્યું છે ધોષે રવિવારે આરોપ લગાવ્યો હતો કે બંગાળમાં સત્તારૂઢ ટીએમસીના કેટલાક નેતાઓએ સીબીઆઇ અધિકારીઓની સાથે સેટિંગ કર્યું છે જેને કારણે કેન્દ્રીય નાણાં મંત્રાલયને પશ્ચિમ બંગાળમાં ભ્રષ્ટ્રાચારના મામલાની તપાસ માટે ઈડીના અધિકારીઓને મોકલવા પડયા

જો કે દિલીપ ધોષ સીબીઆઈ પર પોતાની ટીપ્પણી પર કાયમ રહ્યાં છે અને એકવાર ફરી કેન્દ્રીય તપાસ એજન્સીની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવ્યા હતાં તેમણે ફરી કહ્યું કે મેં રવિવારે મારા વિચાર વ્યકત કર્યા છે અને હું આજે પણ તેની સાથે જ ઉભો છું અદાલતે (રાજયમાં ચુંટણી બાદ થયેલ હિંસામાં) સીબીઆઇ તપાસના આદેશ આપ્યા હતાં કેટલી ધરપકડો થઇ કેટલી એફઆઇઆર નોંધાઇ અમને સીબીઆઇ પર વિશ્વાસ છે.મને પરવાહ નથી કે તેને કોણ ચલાવે છે અમને તેનાથી ન્યાયની આશા છે પરંતુ અમને અત્યાર સુધી ન્યાય મળ્યો નથી

દિલીપ ધોષે બંગાળ ભાજપ પ્રદેશ અધ્યક્ષ સુકાંત મજુમદારનું નામ લીધા વિના તેમના પર નિશાન સાધ્યું અને કહ્યું કે જયારે હું પ્રદેશ ભાજપ અધ્યક્ષ હતો ત્યારે મેં સીબીઆઇ કાર્યાલયની બહાર આંદોલન કર્યું હતું તેમણે કહ્યું કે મેં ફકત મારા વિચાર સ્પષ્ટ કર્યા છે.ઈડીએ પોતાનું કામ ખુબ કુશળતાથી કર્યું છે અને અમને તેના પર પુરો વિશ્વાસ છે.

બંગાળ ભાજપ પ્રમુખ સુકાંતના નેતૃત્વમાં નવા રાજય નેતૃત્વની વિરૂધ્ધ બોલવા માટે ધોષને પાર્ટીએ પહેલા પણ ચેતવણી આપી છે.કેન્દ્રીય નેતૃત્વે પણ ધોષની ટીપ્પણી માટે તેમની ટીકા કરી હતી.

દરમિયાન ટીએમસી સાંસદ શાંતનુ સેને દિલીપ ધોષના નિવેદનનું સમર્થન કર્યું છે તેમણે કહ્યું હતું કે અમે શરૂથી જ સીબીઆઇની વિશ્વસનીયતા અને નિષ્પક્ષતા પર સવાલ ઉઠાવતા રહ્યાં છીએ દિલીપ ધોષે અમારા વલણની પુષ્ટી કરી છે.

### લોકસભાની ચુંટણી પહેલા

## પૌરાણિક વ્યક્તિને ઉત્તરપ્રદેશના રાજનીતિક દેવાલયમાં જગ્યા મળે તેવી સંભાવના

લખનૌ,તા.૨૪

લોકસભાની ચુંટણીને ધ્યાનમાં રાખી એક વધુ પૌરાણિક વ્યક્તિને ઉત્તરપ્રદેશના રાજનીતિક દેવાલયમાં જગ્યા મળવાનું નક્કી છે.ભાજપ સરકારે ક્ષત્રિયોના સંહાર કરનારા મનાતા બ્રાહ્મણ નાયક પરશુરામને કેન્દ્રમાં રાખવાની તૈયારી કરી છે આ હેઠળ જલાલાબાદને તેમના જન્મસ્થાનના રૂપમાં વિકસિત કરવામાં આવશે અને તેનાથી ઓછામાં ઓછા પાંચ ધાર્મિક સ્થળોને કવર કરનારી એક પર્યટક સર્કિટનો પણ વિસ્તાર કરવાની યોજના છે.

આક્રમક હિન્દુ ધર્મના પ્રતીકના રૂપમાં બ્રાહ્મણો માટે એક પ્રસ્તાવ થવા ઉપરાંત આ પગલાને ભાજપ દ્વારા ઠાકુર સમર્થક હોવાની તસવીરથી લડવાના પ્રયાસના રૂપમાં જોવામાં આવી રહ્યું છે.યોગી આદિત્યનાથ જો કે એક ઠાકુર છે તેમના મુખ્યમંત્રી બન્યા બાદથી પાર્ટીમાં આ ધારણા બની છે.તાજેતરની વિધાનસભા ચુંટણીમાં વિરોધ પક્ષે ભાજપનો મુકાબલો કરવા માટે પરશુરામની વિરાસતને પણ આકર્ષિત કરવાનો પ્રયાસ કર્યો હતો.બ્રાહ્મણ ચહેરો જિતિન પ્રસાદની અધ્યક્ષતામાં લોક નિર્માણ વિભાગ તથા સાંસ્કૃતિક અને પર્યટન વિભાગે જલાલાબાદ જે પરશુરામનું જન્મસ્થાન માનવામાં આવે છે તેને વિકસિત કરવા માટે પરિયોજના શરૂ કરી છે જલાલાબાદથી શરૂ થઇ સીતાપુરના નૈમિષારણ,સીતાપુરના મિશ્રિખ ક્ષેત્રમાં મહર્ષિ દધીચિ આશ્રમ લખીમપુર ખીરીમાં ગોલા ગોકર્ણનાથ અને પીલીભીતના મધોતાના ક્ષેત્રમાં ગોમતી ઉદ્રામ સહિત એક પરશુરામ સર્કિટ પર પણ કામ કરવામાં આવશે સાઇટોની પાસે માર્ગના કિનારાની સુવિધાઓની સાથે સારો માર્ગ કનેકિટવિટી હશે જલાલાબાદ સંયોગથી પ્રસાદનો પૈતૃક જીલ્લો શાહજહાંપુરની હેઠળ આવે છે.



સુત્રોના જણાવ્યા અનુસાર રાજય પરિયોજનામાં મદદ માટે કેન્દ્રનો સંપર્ક કરશે અને અંતિ સર્કિટમાં પૂર્ણા ગિરી અને ઉત્તરાખંડમાં નીમકોરી બાબા ધામને પણ જોડી શકાશે ચુંટણીઓ દરમિયાન જયાં બસપાએ સત્તામાં આવવા પર પરશુરામની એક ભવ્ય પ્રતિમા લગાવવાનું વચન આપ્યું હતું ત્યાં સમાજવાદી પાર્ટીએ કહ્યું હતું કે તે પરશુરામ જયંતી પર રજા જાહેર કરશે.

## પહેલીવાર કોલકાતાનો દુર્ગાપૂજા પંડાલ કેલિફોર્નિયામાં સજશે

કેલિફોર્નિયા,તા.૨૪

બંગાળની દુર્ગાપૂજા હવે વિદેશોમાં પણ મૂળીયાં જમાવવા લાગી છે. કોલકાતામાં હુગલીના કોન્નાગરમાં બનેલી મા દુર્ગાની મૂર્તિઓ દુનિયાભરમાં મોકલાય છે પણ પહેલીવાર અહીંથી આખેઆખો પંડાલ વિદેશ જશે. કોલકાતામાં તૈયાર પંડાલ અમેરિકાના કેલિફોર્નિયામાં એસેમ્બલ કરાશે. ત્યાંના ભારતીયો તે બનાવડાવી રહ્યા છે. પંડાલ એસેમ્બલ કરવાની પદ્ધતિ સમજવા કેલિફોર્નિયા બૅ એરિયા માઇગ્રન્ટ્સ ક્લબ તેના એક સભ્યને કોલકાતા મોકલશે. પંડાલ ૧૫ સપ્ટે. આસપાસ તૈયાર થઇ જશે અને તે પછી કેલિફોર્નિયા મોકલાશે. મા દુર્ગાની મૂર્તિ તો કુંભાર ટોલાથી કેલિફોર્નિયા પહોંચી ચૂકી છે.

કલાકાર સંદીપ ચેટરજી સાથે ૧૨ કારીગર ૨ મહિનાથી પંડાલ બનાવી રહ્યા છે. તેની થીમ 'બિસ્વરૂપે સંઘીતા' એટલે કે દુર્ગાપૂજાનું વૈશ્વિકીકરણ છે. તેમાં બંગાળની દૂર્ગાપૂજા ગ્લોબલ બન્યાની પૂરી સફર દર્શાવાશે. ઈકો-ફ્રેન્ડલી પંડાલ ૮૦૦ સ્કવેર ફૂટમાં બનાવાઇ રહ્યો છે. તેની પહોળાઇ ૨૦ ફૂટ, ઊંચાઇ ૧૮ ફૂટ અને લંબાઇ ૪૦ ફૂટ છે. તેમાં સ્થપાનારી મા દુર્ગાની મૂર્તિ ૧૦ ફૂટની હશે. મંડપ શણનો બનાવાયો છે અને હર્બલ રંગોનો જ ઉપયોગ કરાશે. સંદીપે જણાવ્યું કે પંડાલના એસેમ્બલિંગ દરમિયાન તેઓ ઓનલાઇન જોડાયેલા રહેશે. આ પંડાલ અમેરિકાની ધરતી પર ભારતીય સંસ્કૃતિની ઝલક સમાન હશે. અમેરિકામાં ૧૯૭૦ના દાયકામાં દુર્ગાપૂજા મનાવવાનું શરૂ થયું હતું, જે હવે ત્યાંના ૫૦ સ્ટેટમાં વિસ્તરી છે.૨૦૧૮ના અમેરિકન કોમ્યુનિટી સરવે મુજબ અમેરિકામાં અંદાજે ૪૨.૨૦ લાખ ભારતીયો રહે છે. અમેરિકામાં ચીનાઓ બાદ ભારતીયો વસાહતીઓની બીજી સૌથી મોટી વસતી છે.

## સૌથી અમીર ગણપતિ પંડાલનો રેકોર્ડ ૩૧૬.૪૦ કરોડ રૂપિયાનો વીમો ઉતરાવ્યો

મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્રમાં ગણેશ ચતુર્થીના પ્રસંગે ઘણી રોનક હોય છે. મુંબઈ શહેરમાં ગણેશ ચતુર્થીના ઉત્સવ પર શણગારવામાં આવતા બપ્પાના પંડાલ આખા દેશમાં પ્રખ્યાત છે. મુંબઈના ઘણા પ્રખ્યાત ગણેશ પંડાલો પર કરોડો રૂપિયાનો ખર્ચ આવે છે. આ જ કારણે ગણેશ પંડાલ તેનો વીમો પણ કરાવે છે. મુંબઈના સૌથી અમીર ગણેશ પંડાલ ગૌડ સારસ્વત બ્રાહ્મણ સેવા મંડળે આ વર્ષે ગણેશ ચતુર્થીના સમારોહ માટે રેકોર્ડ ૩૧૬.૪૦ કરોડ રૂપિયાનો વીમો કરાવ્યો છે.

રિપોર્ટ પ્રમાણે જીએસબી સેવા મંડળે પોતાના પંડાલ, મૂર્તિ, આભૂષણ, સ્વંયસેવકો, શ્રમિકો, ફળો, શાકભાજી અને ફર્નીચર માટે પણ વીમા કવર કરાવ્યું છે. ગૌડ સારસ્વત બ્રાહ્મણ સેવા મંડળે ૨૦૧૭માં ૨૬૪.૨૫ કરોડ રૂપિયા અને ૨૦૧૮માં ૨૬૫ કરોડ રૂપિયાનો વીમો કરાવ્યો હતો. ૨૦૧૯માં મંડળે ૨૬૬.૬૫ કરોડનો વીમો કરાવ્યો હતો.મંડળે પંડાલ માટે ન્યૂ ઈન્ડિયા ઈન્સ્યોરન્સથી ઘણા પ્રકારના જોખમો માટે વીમો લીધો છે. કુલ રકમમાંથી ૩૧.૯૭ કરોડ રૂપિયાના જોખમ વીમા કવરમાં સોના, ચાંદી અને આભૂષણ સામેલ છે. જ્યારે સ્વંયસેવકો, પુજારીઓ, રસોઇયા, ફૂટવિયર સ્ટોલ કર્મચારીઓ, સુરક્ષા ગાર્ડો માટે ૨૬૩ કરોડ રૂપિયાના વ્યક્તિગત દુર્ઘટના વીમા કવર સામેલ છે.

## મતભેદો બાજુ પર રાખો, ભાજપ સામે એક થાઓ : શરદ પવારની વિપક્ષી પાર્ટીઓને અપીલ

મુંબઈ,તા.૨૪

એનસીપી પ્રમુખ શરદ પવારે વિપક્ષી દળોને તેમના મતભેદોને બાજુ પર રાખીને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી સામે એક થવા હાકલ કરી હતી. તેમણે આમ આદમી પાર્ટી સાથે ન ઉભા રહેવા માટે કોંગ્રેસને પણ ફટકાર લગાવી. નોંધનીય છે કે આપ દિલ્હી એક્સાઇઝ પોલિસી ૨૦૨૧ માં કથિત અનિયમિતતા માટે કેન્દ્રીય એજન્સીઓ દ્વારા તપાસનો સામનો કરી રહી છે.પાર્ટીની લઘુમતી પાંખની બેઠકને સંબોધતા પવારે કહ્યું કે આ કોંગ્રેસની ફરજ છે, અરવિંદ કેજરીવાલ સાથે તમારા મતભેદ હોઈ શકે છે, પરંતુ આપણઈ ખરી લડાઈ ભાજપ સાથે છે. આપણી લડાઈ સાંપ્રદાયિક શક્તિઓ સાથે છે. એનસીપીના વડાએ કહ્યું કે આપણે એવું કોઈ પગલું ન ભરવું જોઈએ જેનાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાંપ્રદાયિક શક્તિઓને ફાયદો થાય. દરેક વ્યક્તિએ આ વાત યાદ રાખવી જોઈએ. તેમણે કહ્યું કે ઈમરજન્સી દરમિયાન પણ રાજકીય માહોલ પર એવો અહેસાસ હતો કે આગામી ૨૫ વર્ષ સુધી કોઈ પરિવર્તન નહીં આવી શકે, પરંતુ લોકોએ ૧૯૭૭માં જ પરિવર્તનની શરૂઆત કરી હતી.

પવારે કહ્યું કે આપણે નેતાઓ ભલે હોશિયાર ન હોઈએ પરંતુ સામાન્ય જનતા હોશિયાર છે. વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં સામાન્ય જનતા ભાજપને પાઠ ભણાવશે. તેમણે કહ્યું કે તેઓ બિન-ભાજપ પક્ષોને એક કરવાનો પ્રયાસ કરશે અને તેમને મતભેદોને બાજુ પર રાખીને સાથે મળીને કામ કરવા કહેશે.એનસીપી પ્રમુખે યાદ અપાવ્યું કે કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, દિલ્હી, રાજસ્થાન, પંજાબ અને છત્તીસગઢમાં ભાજપ સત્તામાં નથી. ભાજપ કર્ણાટક, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં ધારાસભ્યોને લાલચ આપીને સત્તામાં આવી. પવારે કહ્યું કે આવા કૃત્યોને જનતાની મંજૂરી નથી. તેમણે કહ્યું કે દેશમાં ૭૦ ટકા ભાજપનું શાસન નથી.

## તંત્રી સ્થાનેથી...

### ખતરાની ઘંટડી

*ભારતમાં આત્મઘાતી હુમલાની તૈયારી કરી રહેલા ઈસ્લામિક સ્ટેટના એક આતંકીનું રશિયામાં પકડાવું ખતરાની એક નવી ઘંટડી છે. આ કદાચ પહેલી વાર બન્યું છે કે જ્યારે કોઈ આતંકી રશિયાના રસ્તે ભારત આવીને આતંકવાદી હુમલાને અંજામ આપવાની વેતરણમાં હતો. રશિયાથી પ્રાપ્ત થયેલી જાણકારી અનુસાર પકડાયેલો આતંકી મધ્ય એશિયાનો છે અને તેણે તુર્કીમાં પ્રશિક્ષણ મેળવ્યું હતું. તેનો મતલબ છે કે તુર્કી આતંકીઓના પ્રશિક્ષણનો અડ્ડો બની ગયું છે. ધ્યાન રહે કે રાષ્ટ્રપતિ એર્દોગન સત્તામાં આવ્યા બાદથી તુર્કીમાં કટ્ટરપંથની બોલબાલા વધી છે. એક સમય હતો, જ્યારે દુનિયાભરથી મુસ્લિમ યુવા ઈસ્લામિક સ્ટેટના આતંકી અભિયાન સાથે જોડાવા માટે તુર્કીના રસ્તે જ સીરિયા અને પછી ત્યાંથી ઈરાક પહોંચતા હતા. તુર્કીની ઈસ્લામિક સ્ટેટ પ્રત્યે નરમી કોઈથી છૂપી નથી. એક તથ્ય એ પણ છે કે રાષ્ટ્રપતિ એર્દોગન જમ્મુ-કાશ્મીરથી અનુચ્છેદ ૩૭૦ ખતમ કરાયા બાદથી કઈ રીતે પાકિસ્તાનના ભારત વિરોધી એજન્ડામાં તેનો સાથ આપી રહ્યા છે. તેઓ સઉદી અરબના વર્ચસ્વને પડકાર ફેંકીને ઈસ્લામિક જગતના આગેવાન બનવા માટે પણ તત્પર છે.*

*ભારતે રશિયા પાસેથી હજુ વધુ જાણકારી મેળવવાની સાથે તેની પણ તપાસ કરવી પડશે કે ક્યાંક તુર્કી ભારત વિરોધી તત્ત્વોનો નવો અડ્ડો તો નથી બન્યું ને? અને તેમાં પાકિસ્તાનની ભૂમિકા તો નથી? ભારતીય ગુપ્તચર એજન્સીઓને તેના મૂળ સુધી પણ જવું પડશે કે રશિયામાં પકડવામાં આવેલા આતંકવાદીનો ભારતમાં કોની સાથે સંપર્ક હતો અને તે કોની મદદથી સત્તાધારી પક્ષના કોઈ મોટા નેતાને નિશાનો બનાવવાની તૈયારી કરી રહ્યો હતો? એ સંભવ નથી કે મધ્ય એશિયાનો કોઈ આતંકી સ્થાનિક તત્ત્વની સહાયતા વગર ભારતમાં આત્મઘાતી હુમલાનું ષડયંત્ર રચી રહ્યો હોય. રશિયામાં પકડવામાં આવેલા આતંકીના ભારત સ્થિત મદદગારોના સક્રિય હોવાની આશંકા એટલા માટે પણ છે, કારણ કે કેરળ, કર્ણાટક અને દેશના બીજા હિસ્સામાંથી ઈસ્લામિક સ્ટેટના કેટલાય આતંકીની ધરપકડ કરાઈ ચૂકી છે. તેમાંથી કેટલાક એવા છે, જે અફઘાનિસ્તાન ભાગી જવાની વેતરણમાં હતા. ભારત તેની અવગણના ન કરી શકે કે અફઘાનિસ્તાનમાં ઈસ્લામિક સ્ટેટની સક્રિયતા ઝડપથી વધી રહી છે અને હાલમાં એ ન કહી શકાય કે તાલિબાન આ આતંકી સમૂહ પર લગામ લગાવી શકવામાં સક્ષમ છે. ભારતીય ગુપ્તચર એજન્સીઓએ દેશની અંદર સક્રિય એ તત્ત્વો પર પણ નજર રાખવી પડશે, જેમણે નુપૂર શર્મા પ્રકરણ મુદ્દે મુસ્લિમ દેશોમાં ભારત વિરુદ્ધ માહોલ ઊભો કરવાનું કામ કર્યું. એ ચિંતાની વાત છે કે ઈન્ટરનેટ મીડિયા આવા દુષ્પ્રચારમાં સહાયક તો બની જ રહ્યું છે, બલ્કે કટ્ટરતાને ઉત્તેજન આપવાની સાથે જ આતંકીઓની ભરતીમાં પણ સહાયક બની રહ્યું છે.*

## હું ભાજપથી નારાજ નથી, એનડીએમાં ફરી પાછો ફરીશ નહીં : ચિરાગ પાસવાન

**રાજયમાં જદયુ રાજદની ગઠબંધનની સરકાર વધુ દિવસો સુધી ચાલશે નહીં અને ૨૦૨૫ પહેલા મધ્યસત્ર ચુંટણી થશે**

પટણા,તા.૨૪

બિહારમાં લોકજનશક્તિ પાર્ટી રામવિલાસના અધ્યક્ષ ચિરાગ પાસવાને સ્પષ્ટ કર્યું છે કે હવે તે ફરીથી એનડીએમાં પાછા ફરવા તૈયાર નથી પાસવાને કહ્યું કે રાજયમાં જદયુ રાજદની ગઠબંધનની સરકાર વધુ દિવસો સુધી ચાલશે નહીં અને ૨૦૨૫ પહેલા મધ્યસત્ર ચુંટણી થશે.તેમણે એ પણ સંભાવના વ્યકત કરી કે આગામી વિધાનસભા ચુંટણીમાં તેમની પાર્ટી એલજેપી એકલી નહીં લડે.

એક અખબારને આપેલ મુલાકાતમાં ચિરાગ પાસવાને કહ્યું કે ગત અનેક વર્ષોથી ભાજપે બિહારમાં જદયુના સહાયકના રૂપમાં કામ કર્યું છે પોતાની ચુંટણી શક્તિ છતાં તે નીતીશકુમારની સામે ઝુકી જાય છે અને તેમને એક થાળીમાં મુખ્યમંત્રીની ખુરશી ભેટ કરે છે કેમ,કારણ કે રાજયમાં ભાજપની પાસે ન નેતૃત્વ છે અને ન દુરદૃષ્ટિ.

તેમણે હસતા હસતા કહ્યું કે હું મૌસમ વૈજ્ઞાનિકનો પુત્ર છું તેમણે કહ્યું કે મારી પાર્ટી ગઠબંધનમાં ચુંટણી લડશે પરંતુ જયારે અમે આવીશું તો અમે પુલ પાર કરીશું હું મૌસમ વિજ્ઞાનિકનો પુત્ર છું આથી હું કેટલાક વસ્તુઓ જોઇ શકુ છું.ભવિષ્યની ભવિષ્યવાળી કરવામાં સક્ષમ થવા માટે અતીતને જોવો જોઇએ ગત આઠ વર્ષોમાં મુખ્યમંત્રીએ ત્રણ વાર પોતાના ગઠબંધન બદલ્યા છે અને આથી હું વર્તમાનને લાંબા સમય સુધી જીવિત જોતો નથી જો ૨૦૨૪ની સામાન્ય ચુંટણી સુધી બિહારમાં રાજનીતિક સમીકરણ ફરીથી બજલાશે તો મને આશ્ચર્ય થશે નહીં વડાપ્રધાન મોદીના હનુમાન વાળી ટીપ્પણી પર ચિરાગ પાસવાને કહ્યું કે મોદીજીની સાથે મારો હંમેશા ભાવનાત્મક જોડાવ રહેશે કારણ કે જયારે મારા પિતાની તબીયત ખરાાબ હતી તો તે મારી સાથે ઉભા હતાં તેઓ દિવસમાં બેવારક મને ફોન કરી તેમના આરોગ્ય અને અમારી ખબર અંતર પુછતા હતાં પરંતું હું હનુમાન ટીપ્પણીની બાબતમાં સ્પષ્ટ કરી દઉ બિહાર ૨૦૨૦ની ચુંટણીમાં પ્રચાર દરમિયાન જદયુના કેટલાક નેતાઓએ ફરિયાદ કરવાનું શરૂ કરી દીધું કે હું એનડીએની બહાર હોવા છતાં વડાપ્રધાનની તસવીરોનો ઉપયોગ કરી રહ્યો હતો જેના પર મેં કહ્યું હતું કે મારે તેમની તસવીર લગાવવાની જરૂર નથી કારણ કે તે મારા દિલમાં રહે છે આ હનુમાન લેબલનો મૂળ હતો.

એલજેપીમાં થયેલ તુટ પર બોલતા ચિરાગ પાસવાને કહ્યું કે હું ભાજપથી નારાજ નથી પરંતુ હું એ પણ કહીશ નહીં કે મારૂ દિલ ખુબ મોટું છે અને હું બધા જ ભુલી જઇશ અને માફ કરી દઇશ.તેમણે કહ્યું કે ચોક્કસપણે જયારે આ ઘટના થઇ તો દુખ થયું તે ઈચ્છતા તો આનાથી સારી રીતે ઉકેલી શકતા હતાં જે થયું નહીં .

## લોકડાઉનમાં મજૂરોને ફલાઈટ દ્વાર ઘરે મોકલનાર ખેડૂત પપ્પન સિંહે આત્મહત્યા કરી

નવીદિલ્હી, તા.૨૪

કોરોના સંક્રમણને કારણે પ્રથમ લોકડાઉન દરમિયાન પોતાના ખેતરમાં કામ કરનાર મજૂરોને વિમાનમાં બિહાર મોકલવાને કારણે ચર્ચામાં આવેલા ખેડૂત પપ્પન સિંહ ગેહલોતે કથિત રીતે આત્મહત્યા કરી લીધી છે.

દિલ્હી પોલીસ અધિકારીઓએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, પપ્પન સિંહના ઘરની સામે આવેલા શિવ મંદિરમાં તેમનો પંખા પર લટકતો મૃતદેહ જોવા મળ્યો હતો. પોલીસને ત્યાંથી એક સુસાઈટ નોટ પણ મળી આવી છે. આવી સ્થિતિમાં પોલીસ તેને આત્મહત્યાનો મામલો માની રહી છે.

દિલ્હી પોલીસે આ મામલે માહિતી આપતાં જણાવ્યું હતું કે, મંગળવારે સાંજે લગભગ ૫:૦૦ વાગ્યે પોલીસ સ્ટેશનના અલીપુર ખાતે શિવ મંદિરમાં એક વ્યક્તિની ફાંસી અંગે ઞઈમાં કોલ આવ્યો હતો. પોલીસ તરત જ ઘટના સ્થળે પહોંચી હતી અને જણાવા મળ્યું કે આ વ્યક્તિ તિગ્ગાપુર ગામનો રહેવાસી અને તેનું નામ પપ્પન છે આ ૫૫ વર્ષીય પુરૂષની લાશ શિવ મંદિરમાં પંખા પર લટકતી જોવા મળી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, પપ્પનનું ઘર શિવ મંદિરની સામે છે અને તે દરરોજ મંદિરમાં આવતો હતો. મંગળવારે સાંજે ૫ વાગ્યે પૂજારીએ તેને પંખા પર લટકતો જોયો હતો. ત્યાર બાદ આ ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસને ઘટનાસ્થળેથી એક સુસાઈડ નોટ પણ મળી આવી છે જેમાં એવું કહેવામાં આવ્યું છે કે, તેણે બીમારી (બીપી/સુગર વગેરે)ના કારણે આત્મહત્યા કરી છે.

## નાગાલેન્ડમાં સૌથી વધુ બેરોજગારી ગુજરાતમાં સ્થિતિ સારીઃ કેન્દ્ર

નવીદિલ્હી,તા.૨૪

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ વચ્ચે મોટાભાગના રાજકીય પક્ષો યુવાનોને સરકારી નોકરીઓ આપવાનું વચન આપી રહ્યા છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, આજે પણ લાખો યુવાનો બેરોજગાર છે. ગુજરાતમાં બેરોજગારીનો દર ૨.૨ ટકા છે.દેશમાં હાલમાં સરેરાશ બેરોજગારીનો દર ૪.૨ ટકા છે. જેમાં ૧૯ રાજયો એવા છે કે, જેમાં બેરોજગારીનું દર રાર્ષ્ટ્રીય સરેરાશ કરતા વધુ છે. નાગાલેન્ડ રાય ૧૯ ટકાની બેરોજગારીના દર સાથે પ્રથમ ક્રમે છે.ગુજરાત અને મધ્યપ્રદેશની સ્થિતિ સારી છે. સિક્કીમમાં સૌથી ઓછી ૧.૫ ટકા બેરોજગારી છે. જયારે ૧૫ યોનો બેરોજગારી દર રાર્ષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછો છે. આ હકીકત હાલમાં જ કેન્દ્ર સરકાર દ્વારા રાજયસભામાં રજૂ કરવામાં આવેલી માહિતી સામે આવી છે. ગુજરાતના રાજસભાના સાંસદ ડો.અમીબેન યાજ્ઞિકના સવાલનો જવાબ કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલયે આપ્યો હતો. વર્ષ ૨૦૨૦-૨૧ની રજૂ




કરાયેલી માહિતી અનુસાર નાગાલેન્ડમાં સૌથી વધુ ૧૯.૨ ટકા બેરોજગારીનો દર છે અને સિક્કીમ સૌથી ઓછો ૧.૧ ટકાનો દર છે.ભાજપ શાસિત ૧૨ રાયોમાંથી ગોવામાં સૌથી વધઉ ૧૦.૫ ટકા બેરોજગારીનો દર છે. જયારે સૌથી ઓછુ મધ્યપ્રદેશમાં ૧.૯ ટકા બેરોજગારીનો દર છે. કોંગ્રેસ શાસિત ૨ રાયોમાં રાજસ્થાનમાં ૪.૭ ટકા અને છત્તીસગઢમાં ૨.૫ ટકાનો બેરોજગારીનો દર છે.

ભાજપ દ્વારા સમર્પિત રાજયોમાં નાગાલેન્ડમાં સૌથી વધુ બેરોજગારીનો દર ૧૮.૨ ટકા અને મેઘાલયમાં ૧.૭ ટકા બેરોજગારીનો દર છે. બિન-ભાજપ શાસિત રાયોમાં દેશમાં સૌથી વધુ સાક્ષરતા દર ધરાવતા કેરળમાં સૌથી વધુ ૧૦.૧ ટકા બેરોજગારી દર છે અને સિક્કીમમાં સૌથી ઓછો ૧.૧ ટકાનો બેરોજગારી દર છે.અન્ય રાજયો જેવા કે દિલ્હીમાં ૬.૩ ટકા, તામિનાડુ ૫.૨ ટકા, રાજસ્થાન ૪.૭ ટકા, ઉતરપ્રદેશ ૪.૨ ટકા, બિહાર ૪.૬ ટકા, આંધ્રપ્રદેશ ૪. ટકા, મહારાર્ષ્ટ્ર ૩.૭ ટકા, પિમ બંગાળ ૩.૫ ટકા, કર્ણાટ ૨.૭ ટકા, ગુજરાતમાં અને ૨.૨ મધ્યપ્રદેશમાં ૧.૯ ટકા બેરોજગારીનો દર છે.૧૨ લાખ જગ્યાઓ પર સરકાર પ્રામાણિકતાથી ભરતી કરે તો બેરોજગારી દર થવાની સંભાવના છે.

## ત્રિપુરામાં સત્તાધારી ભાજપના ટોચના આદિવાસી નેતા હંગશા કુમારે પોતાના ૬૫૦૦ કાર્યકારો સાથે પાર્ટી છોડી

**અમે અનુશાસિત કાર્યકરોવાળી પાર્ટી છીએ. કેટલાક લોકો પક્ષ બદલે તેનાથી કોઈ ફરક પડતો નથી : ભાજપના મુખ્ય પ્રવક્તા સુબ્રત ચક્રવર્તી**

અગરતલ્લા,તા.૨૪

ત્રિપુરામાં સત્તાધારી ભાજપને મોટો ઝટકો મળ્યો છે. ટોચના આદિવાસી નેતા હંગશા કુમાર મંગળવારે આદિવાસી આધારિત પ્રમુખ વિપક્ષી પાર્ટી તિપ્રાહા સ્વદેશી પ્રગતિશીલ ક્ષેત્રીય ગઠબંધનમાં સામેલ થઈ ગયા. ભાજપ અને તેમના સહયોગી ઈન્ડિજિનસ પીપલ્સ ફ્રન્ટ ઓફ ત્રિપુરા (આઈપીએફટી)ના લગભગ ૬૫૦૦ આદિવાસીઓ સાથે, હંગશા કુમાર ઉત્તરી ત્રિપુરાના માનિકપુરમાં આયોજિત એક જાહેર રેલીમાં ટીઆઈપીઆરએમાં જોડાઈ ગયા.

ટીઆઈપીઆરએ સુપ્રીમો અને ત્રિપુરાના પૂર્વ શાહી વંશત પ્રદ્યોત બિક્રમ માણિક્ય દેબ બર્મન સહિત અન્ય લોકોએ જનસભાને સંબોધિત કરી જેમાં હજારો આદિવાસી પુરુષો અને મહિલાઓએ ભાગ લીધો. તેમણે આ દરમિયાન ભાજપ પર મોટો હુમલો કર્યો. તેમણે કહ્યું કે સૌનો સાથ સૌનો વિકાસ ફક્ત કહેવાની વાત છે. જ્યારે અસલમાં તેનાથી ન તો આદિવાસ કે ન તો રાજ્યના બિન આદિવાસીઓ પર કોઈ અસર પડી છે. હંગશા કુમાર હાલમાં ૩૦ સભ્યોવાળી ત્રિપુરા જનજાતિય ક્ષેત્ર સ્વાયત્ત જિલ્લા પરિષદ (ટીટીએએડીસી)ના વિપક્ષના નેતા છે, જેને એક મિની વિધાનસભા માનવામાં આવે છે. ટીટીએએડીસીમાં ભાજપના ૯ સભ્ય છે જેને ૬ એપ્રિલ ૨૦૨૧ની ચૂંટણીમાં ટીઆઈપીઆરએએ કબ્જો કર્યો હતો. જયારે ટીઆઈપીઆરએએ ગત વર્ષ રાજનીતિક રીતે મહત્વની ટીટીએએડીસી પર કબજો કર્યો તો ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી પહેલા ત્રિપુરામાં માકપાના નેતૃત્વવાળા ડાબેરી, કોંગ્રેસ અને ભાજપના નેતૃત્વમાં એક મહત્વપૂર્ણ રાજકીય વિકાસ બાદ તે ચોથી મોટી રાજકીય તાકાત બની ગઈ. હંગશાકુમારના ભાજપ છોડવા પર ભાજપના મુખ્ય પ્રવક્તા સુબ્રત ચક્રવર્તીએ કહ્યું કે અમે અનુશાસિત કાર્યકરોવાળી પાર્ટી છીએ. કેટલાક લોકો પક્ષ બદલે તેનાથી કોઈ ફરક પડતો નથી. જે અંગત સ્વાર્થ માટે કામ કરી રહ્યા છે, તેવા લોકોથી અમારી પાર્ટી પ્રભાવિત થશે નહીં. અમે પહેલા રાષ્ટ્ર માટે કામ કરીએ છીએ અને પછી પાર્ટી માટે. તેમને પૂછવું જોઈએ કે ભાજપ કેમ છોડ્યો?આવેદન સોંપવા પર ટીઆઈપીઆરએ મોથાના પ્રમુખ પ્રદ્યોત કિશોર માણિક્ય દેબબર્માએ કહ્યું કે ૨૦૧૮ અગાઉ ભાજપના ચૂંટણી વચનો છેલ્લા ૪.૫ વર્ષોમાં તેમના કામમાં જોવા મળ્યા નથી.

## ઘઉં પછી હવે ચોખાના ભાવમાં પણ ૬.૩૧ ટકાનો ચિંતાજનક વધારો થઈ રહ્યો છે

નવીદિલ્હી,તા.૨૪

ઘઉં પછી હવે ચોખાના ભાવમાં પણ ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. પુરવઠાની ચિંતા વચ્ચે ભારતમાં ચોખાના સરેરાશ છૂટક ભાવ ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં ૬.૩૧ ટકા ઉછળીને કિગ્રા દીઠ રૂ.૩૭.૭ થયા છે, એમ સત્તાવાર ડેટામાં જણાવાયું છે. દેશમાં ઘઉંના સરેરાશ છૂટક ભાવ ૨૨ ઓગસ્ટના રોજ ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં ૨૨ ટકાના તીવ્ર વધારા સાથે કિગ્રા દીઠ રૂ.૩૧.૦૪ થયા હતા.

ઘઉંના ભાવ ગયા વર્ષના ૨૨ ઓગસ્ટે કિગ્રા દીઠ રૂ.૨૫.૪ હતો. ગ્રાહક બાબતોના મંત્રાલય પાસેના ડેટા મુજબ ઘઉંના લોટના સરેરાશ છૂટક ભાવ પણ ૧૭ ટકા વધીને કિગ્રા દીઠ રૂ.૩૫.૧૭ થયા છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં કિગ્રા દીઠ રૂ.૩૦.૦૪ હતા.

દેશમાં ડાંગરના વાવેતરમાં ઘટાડાના અહેવાલો બાદ ચોખાના છૂટક ભાવમાં વધારાનો ટ્રેન્ડ છે. હાલની ખરીફ સીઝનમાં ગયા સપ્તાહ સુધી ડાંગરનું વાવેતર ૮.૨૫ ટકા ઓછું રહ્યું હતું.

ઓછા વાવેતરથી ઉત્પાદનમાં ઘટાડો થવાની શક્યતા ઊભી થઈ છે. ડાંગરના વાવેતરમાં હાલની ઘટને પગલે નિષ્ણાતો જણાવે છે કે ભારતમાં ૨૦૨૨-૨૩ની ખરીફ સીઝન (જુલાઈ-જૂન)માં ચોખાનું કુલ ઉત્પાદન ૧૧.૨ કરોડ ટનના નિર્ધારિત લક્ષ?યાંક કરતાં નીચું રહેવાની ધારણા છે.

જોકે ઘઉંની સરખામણીમાં ચોખાના છૂટક ભાવમાં વધારો ઓછો છે, કારણ કે કેન્દ્ર સરકાર પાસે ૩૯૬ લાખ ટનનો જંગી સ્ટોક છે. જો ભાવમાં તીવ્ર વધારો થાય તો સરકાર આ સ્ટોકનો ઉપયોગ કરીને ભાવને અંકુશમાં લાવી શકે છે. ઘઉંના કિસ્સામાં ૨૦૨૧-૨૨ના પાક વર્ષમાં ઘરેલુ ઉત્પાદન આશરે ૩ ટકા ઘટીને ૧૦.૬૮૪ કરોડ ટન થયું હતું. તેથી જથ્થાબંધ અને છૂટક એમ બંને ભાવમાં વધારો થયો હતો. ભારતમાં હીટવેવને કારણે ઘઉંના ઉત્પાદનમાં ઘટાડો થયો હોવાનો અંદાજ છે. તેનાથી પંજાબ અને હરિયાણા જેવા મુખ્ય ઉત્પાદક રાજ્યોના પાકને નુકસાન થયું હતું. દરમિયાન ઉદ્યોગ સંગઠન રોલર ફ્લોર મિલર્સ ફેડરેશને છેલ્લાં કેટલાંક દિવસોમાં ઘઉંની ઉપલબ્ધતા અને ભાવમાં તીવ્ર વધારા અંગે ચિંતા વ્યક્ત કરી છે. કૃષિ મંત્રાલયના ડેટા મુજબ ચાલુ ખરીફ સીઝનમાં ૧૮ ઓગસ્ટ સુધી ડાંગરનું વાવેતર ૩૪૩.૭૦ લાખ હેક્ટર જમીનમાં થયું હતું, જે ગયા વર્ષના સમાન ગાળામાં ૩૭૪.૬૩ લાખ હેક્ટર હતું.

## સ્વિસ બેક્રમાં કાળું નાણું રાખવા બદલ અનિલ અંબાણીને આઈટીની નોટિસ

નવીદિલ્હી,તા.૨૪

સ્વિસ બેક્રના બે ખાતાંમાં ગુપ્ત ભંડોળ રાખવા બદલ આવકવેરા વિભાગે અનિલ અંબાણીને નોટિસ ફટકારી છે. ટેક્સ વિભાગના આરોપ અનુસાર અનિલે સ્વિસ બેક્રના બે ખાતાંમાં રૂ.૮૧૪ કરોડથી વધુનું બેનામી ભંડોળ રાખી રૂ.૪૨૦ કરોડની કરચોરી કરી છે.આવકવેરા વિભાગે અનિલ અંબાણી પર 'ઈરાદાપૂર્વક' કરચોરીનો ગુનો નોંધ્યો છે અને જણાવ્યું છે કે, તેમણે ઈરાદાપૂર્વક તેમના વિદેશી બેક્ર ખાતાં અને અન્ય નાણાકીય હિતોની માહિતી ભારતીય ટેક્સ સત્તાવાળાને આપી નથી. અંબાણીને ચાલુ મહિને આ સંદર્ભે કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. વિભાગે જણાવ્યું હતું કે, તેમની પર કાળા નાણાંની કલમ ૫૦ અને ૫૧ હેઠળ કાર્યવાહી થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, બ્લેક મની (છુપાવેલી વિદેશી આવક અને એસેટ્સ) ઈમ્પોઝિશન ઓફ ટેક્સ એક્ટ, ૨૦૧૫ હેઠળ મહત્તમ ૧૦ વર્ષની કેદ અને દંડની સજા થઈ શકે.આવકવેરા વિભાગે અનિલ અંબાણીને ૩૧ ઓગસ્ટ સુધીમાં નોટિસનો જવાબ આપવા જણાવ્યું છે.

## કોટનના વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૧૫૦નો કડાકોઃ સોના-ચાંદીમાં મિશ્ર વલણ

પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૮૧૮૮ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૭૫૬૮ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૪૯ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૦૧,૪૮૦ સોદાઓમાં કુલ રૂ.૧૫,૮૦૫.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૮૧૮૮.૩૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૭૫૬૭.૯૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯૩,૭૩૪ સોદાઓમાં કુલ રૂ.૪,૦૪૧.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૩૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૪૯૭ અને નીચામાં રૂ.૫૧,૨૯૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૯ ઘટી રૂ.૫૧,૩૪૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૮ વધી રૂ.૪૦,૯૪૬ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૯ ઘટી રૂ.૫,૦૬૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૩૬૩ના ભાવે ખૂલી, રૂ.૪૮ ઘટી રૂ.૫૧,૪૧૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૦૭૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫,૨૯૯ અને નીચામાં રૂ.૫૪,૯૦૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૨૧૪ ઘટી રૂ.૫૪,૯૯૩ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ. ૨૩૬ ઘટી રૂ.૫૫,૪૩૭ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૦૧ ઘટી રૂ.૫૫,૪૭૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૦૨૪ સોદાઓમાં રૂ.૧,૭૫૧.૯૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૮૫ ઘટી રૂ.૨૦૯.૭૦ અને જસત ઓગસ્ટ વાયદો રૂ.૦.૫૫ ઘટી રૂ.૩૧૩ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૬ ઘટી રૂ.૬૬૬.૫૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪.૩૦ ઘટી રૂ.૧૭૮ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૪,૯૨૪ સોદાઓમાં કુલ રૂ.૨,૩૩૧.૪૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૪૭૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૬૧૫ અને નીચામાં રૂ.૭,૪૫૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૭૧ વધી રૂ.૭,૫૭૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૭૦ વધી રૂ.૭૪૫.૯૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮૫૦ સોદાઓમાં રૂ.૬૩.૭૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ઓગસ્ટ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૫૦,૨૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૬૦૦ અને નીચામાં રૂ.૪૯,૩૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૫૦ ઘટી રૂ.૪૯,૪૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૫૦ વધી રૂ.૯૬૨.૮૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૨૨૮.૧૬ કરોડનાં ૨,૩૮૯.૬૮૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૮૧૩.૦૭ કરોડનાં ૫૦૩.૬૮૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૮૪૧.૦૩ કરોડનાં ૧૧,૧૫,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૪૯૦ કરોડનાં ૨૦૦૮૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૪૬.૦૯ કરોડનાં ૧૧૨૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૭.૬૫ કરોડનાં ૧૮૧.૮ ટનનાં કામકાજ થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૨૦૨.૭૮૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૨૧૧.૯૪૨ ટન, ક્રૂડ તેલમાં ૬૨૬૧૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૦૯૪૩૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૫૨૪૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૭૨૧.૦૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૪૯.૨૦ કરોડનાં ૬૯૮ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૪,૦૫૯ના સ્તરે ખૂલી, ૩૩ પોઈન્ટ ઘટી ૧૪,૦૬૦ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૭,૫૬૭.૯૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૩૨.૧૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૩૩.૯૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૨૮૩.૭૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૮૧૭.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૭૦.૯૦ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૧.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૦ અને નીચામાં રૂ.૧૬૫.૧૦ રહી, અંતે રૂ.૩૪ વધી રૂ.૨૧૧.૮૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૭૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૦.૭૦ અને નીચામાં રૂ.૪.૩૫ રહી, અંતે રૂ.૩.૧૫ ઘટી રૂ.૮.૦૫ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૪.૫૦ અને નીચામાં રૂ.૨૦ રહી, અંતે રૂ.૧ ઘટી રૂ.૨૩ થયો હતો. ચાંદી ઓગસ્ટ રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૦ અને નીચામાં રૂ.૭૦ રહી, અંતે રૂ.૨૭.૫૦ ઘટી રૂ.૯૪ થયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૩.૫૦ અને નીચામાં રૂ.૪ રહી, અંતે રૂ.૧.૫૦ ઘટી રૂ.૪.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૯૫.૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૭.૭૦ અને નીચામાં રૂ.૧૬૫.૧૦ રહી, અંતે રૂ.૧૬.૨૦ ઘટી રૂ.૧૭૭.૫૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૨.૯૫ અને નીચામાં રૂ.૦.૮૫ રહી, અંતે રૂ.૪.૫૫ ઘટી રૂ.૧.૧૫ થયો હતો. ચાંદી ઓગસ્ટ રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૦૦ અને નીચામાં રૂ.૨૩૫ રહી, અંતે રૂ.૬૨.૫૦ વધી રૂ.૩૫૨ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૦.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૫૩ અને નીચામાં રૂ.૪૭૦ રહી, અંતે રૂ.૧૩.૫૦ વધી રૂ.૫૧૬.૫૦ થયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮ ખૂલી, ઊપરમાં રૂ.૨૩ અને નીચામાં રૂ.૫ રહી, અંતે રૂ.૭ ઘટી રૂ.૧૧ થયો હતો.

# લાંચપ્પા બનેલ ઈશ્વરપ્પા પુનઃ મંત્રી બને તેવી શુભેચ્છા!!!

અમુક લોકોને ગાળાગાળી કરવાની આદત હોય છે. દેખાવમાં તો સોબર હોય છે. અપિતું, ગાળાગાળીમાં લેબરરની બરાબરી કરે તેવા બાહુબલિ હોય છે.

એ લોકો રાજયને ભાંડતા હોય છે. એટમિનિસ્ટ્રેશનની મા બેન કરતા હોય. શાસક પક્ષને ભાંડતા હોય છે. ભાંડવા માટે ડોકટર પાસે પ્રિસ્ક્રિપ્શન લખાવતા નથી! કદાચ પાચનતંત્રની તકલીફ હોતી હશે. ગાળાગાળી કર્યા સિવાય જમવાનું પચતું નથી.

એ લોકો શાસક પક્ષને જે સરળતાથી ભાંડે એ સમાનતાથી વિપક્ષને ભાંડી શકે છે. ગાળમાં સમાનતા અથવા સમાન ગાળોના સિધ્ધાંતને વરેલા હોય છે. પ્રાણ જાય પર ગાળ ન જાય એ એમનો મુદ્રાલેખ હોય છે.વિરોધ પક્ષ વિરોધ કરવા પૂરતો વિરોધ કરતા હોય તેમ આ લોકો ગાળ દેવા ખાતર ગાળ દેતા હોય છે. તેમાં આનંદ, વિષાદ કે ઉન્માદનું તત્વ હોતું નથી. તમે સમજો કે તે લોકો ઈશ્વરને પણ ભાંડતા હોય છે, બટ નેચરલ શૈતાનને પણ ભાંડતા હોય છે!!!

એ લોકો નખશીખ સજ્જન એવા ઈશ્વરપ્પા એટલે ઈશ્વરના અબ્બા એટલે કે પિતાજીને પણ છડેચોક ભાંડતા હોય છે!!

તમને થશે કે ઈશ્વરપ્પાને શું કામ ભાંડતા હશે? ઈશ્વર કે ઈશ્વરપ્પાએ તેમનું શું બગાડ્યું છે? આપણે ઈશુ ખ્રિસ્તની માફક કહી શકીએ કે ઈશ્વર એમને માફ ન કરતો. કેમ કે તે જાણે છે કે તેઓ શું કરે છે??

સન્માનીય, પરમાદરણીય, ભવદીય, માનનીય ધર્મધુરંધર ઈશ્વરપ્પા કર્ણાટક રાજયના છે. પહેલા તે મંત્રી હતા હવે તે મંત્રી નથી. આ સ્થિતિને વેદમાં નેતિ નેતિ ઈતિ તરીકે પ્રબોધી છે. આ કોઈ સૂફીઝમ કે રહસ્યવાદ કે ગૂઢવાદ નથી.

એવું કહેવાય છે કે ઈશ્વરપ્પા સંપતિ પરત્વે અનાસક્ત કે જલકમલવત્ હતા. તે તમામ કોન્ટ્રેકટરોને સમદ્રષ્ટિ અને તૃષ્ણાથી ત્યાગીને નિહાળતા હતા. કોઈ કામનો ઓર્ડર મેળવવો એ અભિમન્યુના સાત કોઠા જીતના બરાબર હોય છે. કેટલાક લોકો મૌશીના કોઠાએ જવામાં માહિર હોય છે!! બીજા કોઠામાં તેમની ચાંચ ડૂબતી નથી.ઈશ્વરપ્પાને સરકારી રાહે મળતા પગારભથ્થા ચણામમરા લાગતા હશે કે શું? મંત્રીશ્રીએ સરકારી કામમાં કોન્ટ્રેકટરોને ખાનગી વ્યવહાર કરવા આદેશ કર્યો . જેને બાબુઓની ભાષામાં અંડર ટેબલ ટ્રાન્જેકશન કહેવાય. એવું ન હતું કે ઠેકેદાર નખશીખ પ્રામાણિક હતા અને સેવા કરવા તત્પર ન હતા. પણ સેવા કરવામાં એનો પન્નો ટુકો પડતો હતો. બધું જ મળીને બધાને દસ ટકા વ્યવહાર કરવાનો પ્રસ્થાપિત રિવાજ હતો. મ્યુચુઅલ અન્ડરસ્ટેન્ડિંગલ હતી. આવું જ પડોશી દેશમાં અમલી હતું. બેનઝીરની ખાવિંદ અને બિલાવલના અબ્બા હજૂર આસિફ ઝરદારી સાહેબ મિસ્ટર ટેન પરસેંન્ટ તરીકે (કુ)ખ્યાત હતા.

ઈશ્વરપ્પા કોન્ટ્રાકટની કુલ રકમનો માત્ર નાનો હિસ્સો-નગણ્ય હિસ્સો ફક્ત ચાલીસ ટકા આપવાનો આદેશ કરતા હતા. તેમાં શું ખોટું કે ખાટુ હતું? એક હાથે કામ લો અને બીજા હાથે ચાલીસ ટકા આપો. ઈશ્વરપ્પા સાહેબ શું કરે ? ફુગાવો કેટલો વધ્યો છે? લાંચ એ ઈસેન્સ ઓફ ઈન્ડિયા કહેવાય છે !!લાંચમાં મ્યુચુઅલ ફંડની માફક રીસ્ક કેટલું બધું છે??

મિસ્ટર ફોર્ટી પરસેન્ટ સામે પગલા લેવામાં સરકારે ખચકાટ અનુભવેલો. ક્યાંક વન બાય વન બધા મંત્રીનું ભોપાળું નીકળે તો સરકાર તળિયાઝાટક થઈ જાય. બીજી બાજુ ભગવંતસિંહ માન છે. માત્ર એક ટકો લેનાર મંત્રીને સરકારમાંથી તગેડી મુકયો. આ કંઈ ઔદાર્ય છે? સૌનો સાથ સૌનો વિકાસ નામની કોઈ ચીજ છે કે નહીં ? એક ટકા લેનાર ચપરાશીને કાઢતું નથી. મંત્રી મહોદય ચપરાસીથી ગયેલ છે? આ જનાદેશનું ઘોર અપમાન છે!!!ઈશ્વરપ્પા ઘાસચારા કૌભાંડ કે ટ્રેઝેરી કૌભાંડની જેમ તિજોરીને નુકસાન કરતા ન હતા. તે આ બધું કોના માટે કરતા હતા? ચાલીસ ટકા એકલા જમવાના કયાં હતા? આમાં કીડીને કણ અને હાથીને મણ મળવાનું હતું!!કોઈ ને કોઈ નેતા યેનકેન પ્રકારેણ લાંચકાંડમાં દલદલ ફસે છે, પણ પુરાવાના અભાવે બાઈજજત બરી થાય છે . વ્હોટ નેકસ્ટ? નવી ગિલ્લીને નવો દાવ.હાલ તો ઈશ્વરપ્પા સેવાવકાશ મંત્રી મહોદય થયા છે. ભવિષ્યમાં માનનીય મંત્રી મહોદય બની ખુરશીની શોભા વધારે તેવી અંડર ટેબલ શુભેચ્છા!!

ભરત વૈષ્ણવ
૧૫.૮.૨૦૨૨.ઈહાસ્યલેખ
(આ લેખ હાસ્ય નિષ્પન્ન કરવા લખેલ છે. બંધબેસતી પાઘડી પહેરવી નહી.)

-------------------
-

ભૈ રડવાનું રમખાણ
છે,
ભૈ હસવાનું કમઠાણ
છે.
બિરબલની જેમ પકાવે
છે,
ચપટીક મીઠાની તાણ
છે.
મુસીબત સાથે ફાવી
ગયું,
અરે એની તો મોકાણ
છે!
નભે ખાટલો ઢાળી
પોઢ્યા,
કયાં પાંગત ને કયા
વાણ છે?
સંસાર ત્યજી નવો ઉભો
કર્યો,
બાવાના બે બગડયા
જાણ છે?
અર્જુન જેવો સમર્થ
કાબાથી હારે,
ભલેને એ ગાંડિવ ને એ
બાણ છે!!
ખોટનો વેપલો કોણ
કરવા ચાહે,
અરે ભઈ બળતું ઘર
કૃષ્ણાર્પણ છે!!
પાપપુણ્યની વાતમાં
ખેલ ખત્મ,
જન્મારો સુધારવાની
ધમાસાણ છે.
સંશય કે બુધ્ધિથી શું
હરિ મળે?
એને પામવા જરૂરી
રાધાપણ છે!!

ભરત વૈષ્ણવ
૨૪.૮.૨૦૨૧.ઈકવિતા

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





NOG SS NO. 0097
વિષયઃ પડછાયો
પ્રકારઃ ગદ્ય
શીર્ષક : જીવન સાથી

કહેવાય છે કે પતિ પતની એક બીજાના જીવન સાથી છે.

પણ એ કેટલું સાચું છે? બંને છેલ્લા શ્વાસ સુધી એક બીજાને સાથ આપી શકે છે? કોઈ પણ ઉંમરે બે માંથી એકના શ્વાસ આગોતરા જાણ કર્યા વીના થંભી જાય છે.

કોઈ કોઈનું રોક્યું રોકાતું નથી જ. તો એને જીવન સાથી કંઈ રીતે કહી શકાય? તો પછી અંતિમ શ્વાસ સુધી સાથ આપનાર કોણ? મને એક જ જવાબ સુઝે છે. આપણો પડછાયો. આપણી છાયા.એ હંમેશા આપણી સાથે જ હોય છે. અંધારામાં આપણે એને ભલે ના જોઈ શકીએ.

પરંતુ થોડોક પણ પ્રકાશ પડે કે તરત જ દ્રશ્યમાન થાય છે. એ જ સુખમાં, દુખમાં, કહોકે દરેક પરિસ્થિતિમાં આપણી ઈચ્છા અનિચ્છાએ પણ આપણો સાથ છોડતો નથી. વ્યક્તિ સાથેના સંબંધો મૃગજળ છે. પડછાયો શાસવત છે. અને એજ સાચો સાથી છે.એ સનાતન સત્ય છે.

વર્ષાબિન દેસાઈ
એડવોકેટ
વડોદરા-સિડની

-------------------------------------
-

NOG SS NO :004
વિષયઃ માતૃભાષા દિન- નર્મદની ઓળખ
નર્મદ

નાના હતાને પાઠશાળામાં જય જય ગરવી ગુજરાત નું પઠન થતું તો એક જોમ શરીરમાં આવી જતું.

શૌર્યનો પરવાનો ચઢાવનાર અને ગુજરાતી ભાષામાં પહેલી આત્મકથા મારી હકીકત આપનાર એટલે જ
નર્મદ.

તેમનો જન્મ ૨૪ ઓગસ્ટ ૧૮૮૩માં સુરતમાં થયો હતો.મૂળ નામ હતું નર્મદાશંકર લાભશંકરજી દવે.તેઓ નિબંધકાર, કવિ ને નાટ્યસંવાદલેખક હતા. સાથે તેમણે ગુજરાતીભાષાને ઉત્તમભેટ આપી કોશ અને પિંગળની વ્યાકરણનો શુધ્ધ પાયો નાંખી ..લોકો સુધી પહોંચાડ્યો.

લોકવાયકા છે કે પોતાનું લખાણ બે ત્રણ કાગળમાં લખી ભૂંગળામાં શીલ કરી તાપીનદીમાં વહેતું કરતા જેથી લોકો સુધી પહોંચે.

તેઓનો અભ્યાસ મુંબઈ ને સુરતની વચ્ચે પૂર્ણ થયો.રાંદેરની શાળામાં શિક્ષક તરીકે ૧૮૫૨માં જોડાયા .કવિ જીવ તેથી કવિતાઓ તરફ પહેલું આકર્ષણ થયું.

ભણવામાં આવતી વર્ડઝવર્થની કવિતાઓ એ જીવનમાં બદલાવ આણ્યો. એલફિસ્ટન ઈન્સ્ટિટયુટમાં મદદનીશ શિક્ષક તરીકે કામ શરૂ કર્યુ. કલમ હાથમાં આવીને ૧૮૫૮ શિક્ષકની નોકરી છોડી જીવનભર કલમને જીવન સોંપી દીધું.પોતાની દેશ પ્રત્યેના પ્રેમને કારણે ૧૮૬૪માં દાંડિયો પખવાડિકની શરૂઆત કરી.

કવિ તરીકે અર્વાચીન સાહિત્યયુગ શરૂ થયો. સાહિત્યમાં ખૂબ જ ફેરફાર કર્યા અને નવીન ગુજરાતી ભાષાના પદાર્પણ થયા. પિંગળપ્રવેશ, વાકરણમાં નર્મવ્યાકરણ, વર્ણવિચાર અને અલંકાર પ્રવેશથી લોકોની ભાષા પ્રત્યેની રૂચી વધી.લેખ ને નિબંધ પણ ઉચ્ચ પરાકાષ્ઠાએ પહોંચ્યા.

નર્મકથાકોશમાં તેમણે મહાભારત, રામાયણ અને ભાગવતમાંની કથાઓના પ્રસંગ અને તેના પાત્રો અને ચરિત્રોને તેમણે કક્કાવારી(ક ખ ગ) પ્રમાણે સુંદર શૈલીમાં આલેખ્યા છે.

તેમના કાવ્યોમાં ગુજરાતની યશગાથા ગાતું કાવ્ય ??

જય! જય! ગરવી ગુજરાત!
દીપે અરુણું પ્રભાત
જય! જય! ગરવી ગુજરાત!
ધ્વજ પ્રકાશશે ઝળળળ કસુંબી,
પ્રેમશૌર્યઅંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને
પ્રેમભક્તિની રીત. -
ઊંચી તુજ સુંદર જાત
જય! જય! ગરવી ગુજરાત!
ઉત્તરમાં અંબામાત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુંતેશ્વર
મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ.
છે સહાયમાં સાક્ષાત્
જય! જય! ગરવી ગુજરાત!
નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટના જુદ્ધરમણ ને રત્નાકર
સાગર,
પર્વત પરથી વીર પૂર્વજો દે આશિષ જયકર;
સંપે સોહે સહુ જાત
જય! જય! ગરવી ગુજરાત!
તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસંગ;
તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે
સત્વરે માત!
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે વીતી
ગઈ છે રાત;
જન ઘૂમે નર્મદા સાથ
જય! જય! ગરવી ગુજરાત!

વાંચક મિત્રો ફક્ત ૫૨ (બાવન) વર્ષની ઉમ્મરે યા હોમ કરીને પડો,ફત્તેહ છે આગે કહેનાર અને દેશ દાઝની જાગૃતિ લાવનાર કવિએ દેહ છોડ્યો હતો સાલ હતી ૧૮૮૬ ને ફેબ્રુઆરી ૨૫મી.

માતા નવદુર્ગા અને ત્રણ પત્નીઓ હતી.તેમણે તે જમાનામાં વિધવા નર્મદાગૌરી સાથે લગ્ન કરી સમાજસુધારણા કરી હતી.

તેમના લખાણ કે કાવ્યો આજે પણ કવિઓ લેખકો માટે પ્રેરકરૂપ છે.આજે પણ એમનું એક શૌર્યયુક્ત કાવ્ય લોકો ગણગણે છે તે જ ગુજરાતી સાહિત્યની એક ઉત્તમ જીત છે. બે શબ્દો મારી ભાષા અને નર્મદને મારા શબ્દોમાં હું લખી શકી તે માટે વાંચકોને અને તંત્રી શ્રીનો આભાર.??

ગુજરાતી દિને...
નર્મદ જન્મદિને..?????
સમજે તો ભાષા સૌની
કવિ નર્મદ ના જન્મ દિને
આજ માન મળે "ગુજરાતીને"...
પ્રિય મને તેના...
સ્વર ને વ્યંજન .?
નમીએ સૌ ને જેણે??
ઓળખીને ,ભણીને
પોતાની ગણીને...!
મીઠી સરવાણી ને
આજ ભાષાઓના...
ઝૂંડમાં પણ ગુજરાતીને,
અપનાવી...????!

જયશ્રી પટેલ
૨૪/૮/૨૨

# કોક સ્ટુડિયો ફેમ પાકિસ્તાની સિંગર પરિવાર સહિત માર્ગ પર સુવા માટે મજબુર

### પુરના તેજ પ્રવાહમાં વહાબનું ઘર વહી ગયું અને ક્ષણભરમાં વહાબ,પરિવાર સહિત બેઘર થઇ ગયા

ઈસ્લામાબાદ,તા.૨૪

પાકિસ્તાનના સિંગિગ ટેલેંટની હંમેશા પ્રશંસા થઈ છે સરહદ પાર ગાયેલા ગીતો અને તેને ગાનારાઓને અનેકવાર ભારતમાં ખાસ ઓળખ હાંસલ થઈ છે આવો જ એક પાકિસ્તાની સિંગર છે વહાબ અલી બુગતી કોક સ્ટુડિયોના ગીતો કાના યારીથી વહાબે ભારતમાં ભારે ફૈન ફોલોઈંગ બનાવ્યા છે.વહાબનું આ ગીત આજે પણ લોકોની પહેલી પસંદ છે ગીત તો તેનું હિટ છે પરંતુ તેમની હાલત આજકાલ ખરાબ ચાલી રહી છે કરોડોના દિલ પર રાજ કરનારા સિંગર વહાબ અલી ગરીબાઈની જીદગી જીવવા માટે મજબુર થયા છે.પાકિસ્તાનના અનેક વિસ્તારો પુરની ચપેટમાં છે જેમાં એક વિસ્તાર એજ છે જયાં વહાબ અલી રહે છે નસીરાબાદ હાલના સમયે પુરનો સામનો કરી રહ્યો છે વહાબની જીદગી સારી રીતે ચાલી રહી હતી પરંતુ અચાનક આવેલા



પુરે બધુ જ બરબાદ કરી દીધું પુરના તેજ પ્રવાહમાં વહાબનું ઘર વહી ગયું અને ક્ષણભરમાં વહાબ પરિવાર સહિત બેઘર થઇ ગયા

એક યુઝરે ટ્વિટર પર તેની માહિતીને લોકોથી શેર કરી છે તેણે વહાબની મદદ કરવાની પણ માંગ લોકોથી કરી છે. યુઝરે વહાબની મુશ્કેલ ભરેલ જીંદગીની તસવીર શેર કરી છે અને લખ્યું છે કે વહાબ બુગતી જે કોક સ્ટુડિયોના કાના યારી ગીતથી જાણીતા થયા હતાં આજે મુશ્કેલ ભરેલ જીદગી પસાર કરી રહ્યાં છે.બલોચિસ્તાનમાં આવેલ પુરમાં તેમનું ઘર વહી ગયું છે અને તેમનો પરિવાર અને તેઓ કોઈ છત વિના રહી રહ્યાં છે.

વહાબ બુગતી અને તેના પરિવારની સ્થિતિ તસવીરોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે બાળકો ખાટલાની છત બનાવી તેની નીચે બેઠા છે કયારેક તેઓ ખાટલાને પાથરીને તેના પર બેસતા હતાં આજુબાજુમાં માટી અને પાણી સિવાય કંઈ જ નથી ભોજનની અને પાણીની મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઓનલાઈન જારી થયેલ આ તસવીરથી તેમના ફેંસ પણ ભાવુક થઈ ગયા છે અને કેટલાક લોકો તેમની મદદ માટે સામે પણ આવ્યા છે. એ યાદ રહે કે વહાબ અલી પાકિસ્તાનના બલોચના રહેવાસી છે જે ત્યારે ચર્ચમાં આવ્યા જયારે તેમણે પાકિસ્તાનના કોક સ્ટુડિયો માટે લાઈવ પરફોર્મેસ આપ્યું વહાબ નસીરીબાદ બલોચિસ્તાન પાકિસ્તાનના રહેનારા છે તેમણે સરકારી સ્કુલમાં અભ્યાસ કર્યો છે તેમને એક પુત્ર છે અનેક લોકોએ કોક સ્ટુડિયોને પણ વહાબની મદદ કરવાની અપીલ કરી છે યુઝર્સનું કહેવુ છે કે કોક સ્ટુડિયોએ વહાબ અલી દ્વારા લાખોની કમાણી કરી છે આવામાં આ મુશ્કેલ સમયમાં કંપનીએ પણ સામે આવી સિંગરની મદદ કરવી જોઈએ.

# ભારત સરકારની અગ્નિપથ સ્કીમને લઈ નેપાળ સરકાર મૂંઝવણમાં

કાઠમાંડૂ,તા.૨૪

કેન્દ્ર સરકાર સેનામાં ભરતીની નવી અગ્નિપથ યોજના લોન્ચ કરી ત્યારે ભારતમાં તેની સામે ઘણા રાજ્યોમાં હિંસક દેખાવો થયા હતા.હવે આ યોજના નેપાળમાં પણ પહોંચી ચુકી છે.ભારત સરકાર અગ્નિપથ યોજના હેઠળ નેપાળના યુવાઓને સેનાની ગોરખા રેજિમેન્ટમાં ભરતી કરવા માંગે છે અને આ માટે નેપાળની શેર બહાદુર દેઉબા સરકારનો ભારતે અભિપ્રાય માંગ્યો હતો.

નેપાળ સરકાર હવે મૂંઝવણમાં છે કે, અગ્નિપથ યોજના હેઠળ પોતાના યુવાઓને ભારતની સેનામાં જોડાવા મંજૂરી આપવી કે નહીં.અગ્નિપથ સ્કીમ હેઠળ ભરતી માટે ૨૫ ઓગસ્ટે નેપાળના બુટવલ અને એક સપ્ટેમ્બરે ધારન નામના શહેરમાં કેમ્પની જાહેરાત કરાઈ હતી.

દરમિયાન નેપાળ સરકારના અધિકારીનુ કહેવુ છે કે, હજી આ બાબત પર વિચારણા ચાલી રહી છે. કારણકે આ યોજના હેઠળ ભરતી શરુ કરવા માટે ભારત સરકારે પહેલા નેપાળ સરકારની સલાહ લીધી નથી. નેપાળમાં પણ એક વર્ગ એવો છે જે આ યોજનાનો વિરોધ કરી રહ્યો છે અને તેને બ્રિટન, ભારત તેમજ નેપાળ વચ્ચે ૧૯૪૭માં થયેલા કરારનુ ઉલ્લંઘન ગણાવી રહ્યો છે. આ કરાર હેઠળ નેપાળી યુવકોને ભારતીય સેનામાં ભરતી કરવાનુ અને તેમને ભારતીય સૈનિકો જેવા જ નાણાકીય લાભ આપવાનુ નક્કી કરાયુ હતુ.

જોકે ભારતના સૂત્રોનુ કહેવુ છે કે, ૧૪ જુને આ સ્કીમ લોન્ચ કરાઈ ત્યારે ભારતીય સેનાએ ભારતીય એમ્બેસી થકી નેપાળના વિદેશ મંત્રાલયને પત્ર લખીને આ યોજના હેઠળ ભરતી માટે પરવાનગી માંગી હતી અને ભરતી કેમ્પ માટે સુરક્ષા પણ માંગી હતી. જોકે નેપાળ સરકારે હજી સુધી કોઈ સત્તાવાર જવાબ આપ્યો નથી.

ભારત સરકારની અગ્નિપથ યોજનાની જોગવાઈઓ ગોરખા રેજિમેન્ટ પર પણ લાગુ થશે. આ રેજિમેન્ટમાં માત્ર નેપાળી નાગરિકો અને નેપાળી બોલનારા યુવકોની જ ભરતી કરવામાં આવે છે. હાલમાં ગોરખા રેજિમેન્ટમાં ૩૪૦૦૦ નેપાળી યુવા તૈનાત છે. ઉપરાંત દર વર્ષે નિવૃત્ત થયેલા નેપાળી સૈનિકોને પેન્શન પેટે કરોડો રૂપિયા ભારત સરકાર ચુકવે છે.

અગ્નિપથ યોજના હેઠળ ભરતી થનારા સૈનિકો પૈકીના ૭૫ ટકાને ચાર વર્ષમાં રિટાયર કરાશે અને બાકીના ૨૫ ટકાને સેનામાં પૂરા કાર્યકાળ માટે નોકરી મળવાની છે. નેપાળની માઓવાદી પાર્ટીઓએ માંગણી કરી છે કે, આ મામલાને ભારત સરકાર સમક્ષ ઉઠાવવામાં આવશે.

## ફોટો સ્ટોરી
# મેં હુ ડોન




આ કોઈ બિગ બી કે કિંગ ખાનની ફિલ્મ 'ડોન' ની વાત નથી. આ તો ડાંગ જિલ્લાની સરહદે આવેલા ખૂબસૂરત સ્થળ 'ડોન' ની વાત છે.દ્રોણાચાર્યના નામ ઉપરથી પડેલા નામને લીધે ડોન તરીકે ઓળખાતા ડાંગ જિલ્લાના આ ગામની પછવાડે મહારાષ્ટ્ર રાજ્યની સરહદ આવેલી છે. અરબ સાગરથી હજારેક મીટરની ઊંચાઈએ આવેલા આ સ્થળની ખૂબસૂરતી ચોમાસામા પૂરબહારમા ખીલી ઉઠે છે. ત્યારે અહીં પર્યટકોનો મેળાવડો જામે છે.

ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદે ડોનની તળેટીમા સ્થાનિક વન વિભાગ દ્વારા લુપ્ત થઈ રહેલા સફેદ ડોક ધરાવતા વિશાળકાય ગીધનુ સંવનન અને સંવર્ધન કેન્દ્ર કાર્યરત કરાયુ છે, અને ડોન હિલ ઉપર ગીધરાજની વિશાળકાય પ્રતિમા/સ્ટેચ્યૂ પણ, પ્રવાસીઓને વનિલ પ્રાણી, પક્ષીઓના જતન સંવર્ધનનો મુક સંદેશ આપે છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

ક્યાં ખોવાઈ ગયો છે આજે
આ માનવી
ક્યાં ખોવાઈ ગયો છે આજે
આ માનવી
શોધો કોઈ મોબાઈલ માં
આજે એને
લાગે છે ડિજિટલ યુગ માં
ક્યાંક ખોવાઈ ગયો છે આજે આ
માનવી
મોબાઈલ ની એ દુનિયામાં
બીઝી થઈ ગયો છે આજે આ
માનવી
ખોવાઈ ગયો છે એ મેસેજો
ની દુનિયા માં ક્યાંક આજે આ
માનવી
વાસ્તવિકતા ઓથી દૂર
થઈ ગયો છે એ આજે આ માનવી
પાસે રહેલા ઓથી પણ દૂર
થઈ ગયો છે આજે આ માનવી
એક ઘરમાં રહેલા સાથે
પણ મેસેજ થી વાતો કરી રહીયો
છે આજે આ માનવી
તહેવારો પણ મોબાઈલ
માંજ ઉજવી રહીયો છે આજે આ
માનવી
દરેક તહેવારો પણ
ડિજિટલ થઈ ગયા છે આજે



ભાવના અને લાગણીઓ
પણ મેસેજ થી વ્યક્ત થઈ રહી છે
આજે
ક્યાં યુગ માં ખોવાઈ ગયો
છે આજે આ માનવી
લાગે છે માનવી પણ
ડિજિટલ થઈ ગયો છે આજે
કેવો સમય આવી ગયો છે
આજે
દરેક માટે મોબાઈલ જ
પોતાની દુનિયા બની ગઈ છે
આજે
ક્યાં ખોવાઈ ગયો છે આજે
આ માનવી
શોધો કોઈ એને મોબાઈલ
માં ક્યાં ખોવાઈ ગયો છે આજે
આ માનવી
ક્યાં ખોવાઈ ગયો છે આજે
આ માનવી

હેતલ.જોષી..રાજકોટ

# બીંગ વુમેન ચેરિટેબલ ટ્રસ્ટ-અમદાવાદ દ્વારા અનોખો કાર્યક્રમ યોજાયો




છેલ્લા ત્રણ વર્ષથી બાળકો અને સ્ત્રીઓ માટે કામ કરતી સતત કાર્યરત એવી સંસ્થા અલગ અલગ પ્રોજેક્ટ થકી બાળકોના વિકાસ માટે પ્રયત્ન કરે છે. છ મહિનાથી સાયન્સ સીટી અમદાવાદ ખાતે ઈન્દિરા નિવાસ વિસ્તારમાં વસતાં લગભગ ૫૦ બાળકોને શિક્ષણ સાથે જ્ઞાન આપવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. ભણવાની સાથે સાથે અલગ અલગ કલા પણ શીખવવામાં આવી રહી છે. એ વિસ્તારના બાળકોને ડાંસ શીખવાડી પર્ફોમન્સ તૈયાર કરાવવામાં આવ્યું અને આ બાળકોને પરફોર્મ કરવા એક મોટી શાળા (ઝ્ઢ્ઙ્મંટિ ઁ ઙ્ઘૈષ્ઠ જીષ્ઠર્રઙ્મ) ઘાટલોડિયાનું સ્ટેજ મળ્યું. બાળકોનો ઉત્સાહ અને પોતાની જાત પરનો વિશ્વાસ વધ્યો છે આ સુંદર અવસરને આટલી સુંદર તક આપવા બદલ શાળાના પ્રિન્સિપાલ શ્રીમતી નિરાલી ડાગલીનો તમામ બાળકોએ અને સંસ્થાના પદાધિકારીઓએ આભાર વ્યક્ત કર્યો હતો.

# ગાંધીનગર તાલુકા કક્ષાના ૭૩મા વન મહોત્સવની ઉજવણી રાંદેસણ ખાતે કરાઇ

**ગાંધીનગર તાલુકાની ૮ નર્સરીમાં ૧૫ લાખ રોપાઓનો ઉછેર કરાયો**

**૧૧ લાખ રોપાઓનું તાલુકામાં વિના મૂલ્યે વિતરણ કરાયું**

ગાંધીનગરઃ બુધવારઃ

ગાંધીનગર તાલુકા કક્ષાના ૭૩ મા વન મહોત્સવ-૨૦૨૨ની ઉજવણી પંચદેવ મંદિર, ઉર્જા નગર- ૧, રાંદેસણ ખાતે કરવામાં આવી હતી. તાલુકા કક્ષાના વન મહોત્સવનો આરંભ ગાંધીનગર(દ) ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરના હસ્તે વૃક્ષની વાવણી કરીને કરવામાં આવ્યો હતો. ૭૩મા તાલુકા કક્ષાના વન મહોત્સવનો આરંભ કરાવતાં ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, વૃક્ષો સાથે આપણી સંસ્કૃતિ ઘાટ રીતે સંકાળયેલ છે. વૃક્ષો થકી જ સમગ્ર જીવ સૃષ્ટિને ઓક્સિજન મળે છે. વૃક્ષોની સંખ્યા વધારી આપણા પર્યાવરણને બચાવવાની જવાબદારી આપણા સૌની છે. વૃક્ષોની સંખ્યા વધશે તો જ ગ્લોબલ વાર્મિગ જેવી અસરોથી માનવજીવન બચી શકશે.

ઉર્જા રેન્જ, ગાંધીનગર પરિક્ષેત્ર વન અધિકારી શ્રી રાઘવકુમાર જી. જોષીએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને માનવ જીવનમાં વૃક્ષોનું




મહત્વ કેટલું છે, તેની રસપ્રદ વાત દષ્ટાંતપૂર્વક કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર તાલુકામાં આવતી ૮ નર્સરીમાં ૧૫ લાખ રોપાઓનો ઉછેર કરવામાં આવ્યો હતો. આ તમામ રોપાઓનું વિતરણ વૃક્ષ રથ યાત્રા અને અન્ય કાર્યક્રમો થકી નાગરિકોને વિના મૂલ્યે કરવામાં આવ્યું છે. તેમજ કોઈપણ સંસ્થાને તેની માંગણી અનુસાર પણ આપવામાં આવ્યા છે. અત્યાર સુધી ૧૧ લાખ જેટલા રોપઓનું વિતરણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. બાકીના રોપોઓનું વિતરણ કાર્ય હાલ ચાલું છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉર્જા રેન્જના વન વિભાગના કર્મયોગીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રી ગુણવંતસિંહ ચાવડા, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ગોપાળજી ઠાકોર, ગાંધીનગરના નાયબ વન સંરક્ષક શ્રી ડૉ. ચંદ્રેશકુમાર શાનદ્રે, ગાંધીનગર મામલતદાર શ્રી એચ.એમ.પટેલ, તાલુકા વિકાસ અધિકારી શ્રી વિનોદ પી.જોષી સહિત મહાનગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પાનમ યોજના વર્તુળ પંચમહાલ ગોધરામાં ફરજ બજાવતા રોજમદાર નું ચાલુ ફરજના ના અરસા દરમિયાન અવસાન થતા ગુજરનાર ના વારસ પત્નીને સરકારશ્રી ના તારીખ ૫/૭/૧૧ પરિપત્ર મુજબ મૃત્યુ સહાય લાભો ચૂકવવા નામદાર ગુજરાત હાઈકોર્ટ નોઆખરી આદેશ થતા પરિવારમાં આનંદની લાગણી

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતેની પાનમ યોજના વર્તુળ ના તાબા હેઠળની કચેરી માં વર્ષોથી રોજમદાર તરીકે ફરજ બજાવતા બાબરભાઈ મનસુખભાઈ વસાવાનું નિવૃત્તિનો સમયગાળો પૂર્ણ થતા પહેલા ચાલુ નોકરી દરમિયાન એકાએક રોજમદાર અરજદારનું અવસાન થયેલ નિવૃત થવાનો સમય ગાળાનો બાકી હોવા થી સ્વર્ગસ્થ બાબરભાઈ મનસુખભાઈ વસાવા ના વારસોને સરકારશ્રીના તારીખ ૫/૭/૧૧ ના પરિપત્ર મુજબ મૃત્યુ સહાય ચૂકવવાની જોગવાઈઓ હોવા છતાં પાનમ યોજના વર્તુળ દ્વારા સ્વર્ગસ્થના વારસપતની સુરજબેન વસાવા ને આ લાભથી વંચિત રાખે સ્વર્ગસ્થ વારસે આ બાબતે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ એસ ભોઈ ને મળી પાનમ યોજના ના લાગતા અધિકારીઓને સરકારશ્રીના તારીખ ૫/૭/૧૧ ના પરિપત્ર મુજબ બાકી રહેતી નોકરીનો સળંગ ગાળો ગણી પરિપત્રના જણાવેલ મૃત્યુ સહાયના લાભો આપવા માટે નોટિસ પાઠવે પરંતુ સમય મર્યાદામાં સ્વર્ગસ્થ બાબરભાઈ વસાવાના વારસ પત્ની ને મૃત્યુ સહાય નો કોઈ લાભ આપવામાં આવેલ ના હતો જેને લઈ સ્વર્ગસ્થના વારસપતની એ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન મારફતે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સરકાર શ્રી ના તારીખ ૫/૭/૧૧ ના પરિપત્રના લાભો મેળવવા માટે દિપક આર દવે દ્વારા એસ સી એ નંબર ૬૭૮૧/૨૧ દાખલ કરે જે અરજી ચાલી જતા કેસમાં પડેલા પુરાવા આધારિત એડવોકેટ દ્વારા દલીલો કરવામાં આવે જે દલીલો ધ્યાને લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ શ્રી બિરેન વૈષ્ણવ સાહેબે તારીખ ૧૮/૮/૨૨ ના રોજ આખરી હુકમ કરતા ગુજરનારના વારસ પત્ની સુરજબેન બી વસાવાને ને સરકારશ્રીના તારીખ ૫/૭/૧૧ ના પરિપત્ર મુજબ ના લાભો આપવાનો આખરી આદેશ કરતા સ્વર્ગસ્થ ના પરિવાર માં આનંદની લાગણી પ્રવૃત્તિ છે

ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન
પ્રમુખ એ.એસ ભોઈ કાલોલ
પંચમહાલ

# વૃક્ષારોપણ કરીને આઝાદી કા અમૃત મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી

આઝાદી કા અમૃત મહોત્સવ નો અર્થ નવા વિચારો નું અમૃત છે. આ એક એવો ઉત્સવ છે જેનો અર્થ સ્વતંત્રતાની ઉર્જા નું અમૃત થાય છે. મતલબ કે ક્રાંતિકારીઓ, સ્વતંત્સેનાનીઓ, દેશભક્તનો આઝાદીનાં એવું અમૃત કે જે આપણને હમેશાં દેશ પ્રત્યે સમર્પિત રહેવાની પ્રેરણા આપે છે. આપના મનમાં નવા વિચારો, નવા સંકલ્પ ની ક્રાંતિ લાવે છે. આજ નવા વિચાર સાથે આપણા પર્યાવરણ ને સુરક્ષિત રાખવા ના ઉદ્દેશ થી સિંધુનગર ખાતે વૃક્ષારોપણ દ્વારા લોકોને જાગૃત કરવામાં આવ્યા. જેમાં સ્વામીનારાયણરેસિડન્ટ ના માનનીય સંચાલક શ્રી પ્રાણભાઈપંડ્યા,આહિરસમાજના અગ્રણી હમુભાઈ,શામળદાસઆર્ટ્સ કોલેજના અધ્યાપક શ્રી રોનકસિંહસોલંકી, શ્રી સ્વામિનારાયણહાઈસ્કૂલના શિક્ષક શ્રી સંજયભાઇ સિંધવ, કેતનભાઈબારડ, કાનભાઇ, યુનાઈટેડનેશન્સ ના સ્વયંસેવક શ્રી કેવલસિંહકિશોરસિંહપાવરા, હિરેન્દ્રસોલંકી, મિલન પરમાર, ઘનશ્યાભાઈડોડીયા, નિખિલભાઈમકવાણા, દિવ્યેશભાઈડોડીયા તથા અન્ય પર્યાવરણ પ્રેમીઓ જોડાયા હતા. લોકોને અપીલ કરવામાં આવી હતી કે સૌ સાથે મળીને પર્યાવરણ નું શ્રેષ્ઠ જતન, વૃક્ષારોપણ કરીને ભાવિ પેઢીને સ્વચ્છ હવા, પાણી, હરિયાળી અને સમૃદ્ધ વારસો આપીએ તે ઈચ્છનીય છે. છોડના સંરક્ષણ માટે ટ્રીગાર્ડનીવ્યવસ્થામાંપ્રાણભાઈપંડ્યા નો સહયોગ સાંપડ્યો હતો. સમગ્ર કાર્યક્રમનુ સફળ આયોજન યુનાઈટેડનેશન્સ ના સ્વયંસેવક શ્રી કેવલસિંહપાવરા દ્વારા કરવમાં આવ્યું હતું આવો આપણે પણ જળ, જંગલ,જીવસૃષ્ટિ નું જતન કરીએ અને એ રીતે માનવ જીવન વધુ સ્વચ્છ બનાવવામાં ફાળો આપીએ.

### પાલનપુરની રોઝમિન હોસ્પિટલ માં હોબાળો

# બાળકોની હોસ્પિટલ ના ડોકટર રીઝવાન લોઢીયા સામે ગંભીર આક્ષેપો

**અમારા બાળક ને બિજા દવાખાને લઇ જવાથી ફાઇલ માંગી હતી ડોક્ટરે ફાઇલ આપી ફાઇલ બિજા ડોક્ટર ને બતાવી પરત આવતા તરતજ ડોક્ટરે બાળકને મ્રુત જાહેર કરતા અમને શંકા ગઇઃ મુતક બાળકના નાના**

બનાસકાંઠા સમાચાર

પાલનપુર ગઠામણ દરવાજા પાસે આવેલી રોઝમિન હોસ્પિટલ ના જાણીતા તબિબ રીઝવાન લોઢિયા સામે મૂતક બાળકના પરિવારજનો દ્વારા ગંભીર આક્ષેપો કરાતા ચકચાર મચી ગઈ હતી.

આજરોજ પાલનપુર ના તિનબત્તિ વિસ્તાર ના એક પરિવારની પુત્રવધુએ પંદર દિવસ પહેલા એક બાળકને જન્મ આપ્યો હતો જે બાળક ની તબિયત અચાનક લથડી પડતા આજથી પાંચ દીવસ પહેલા સારવાર માટે પાલનપુર ગઠામણ દરવાજે આવેલી રોજમિન ચિલ્ડ્રન હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. આ બાળકની સતત પાંચ દીવસ થી સારવાર ચાલી રહી હતી જયારે આજે અચાન આ બાળક ના મોત ના સમાચાર સાંભળી પરિવારજનો હોસ્પિટલ માં હંગામો મચાવી દીધો હતો.અને ડોક્ટર રીઝવાન લોઢિયા અને મ્રુતક બાળકના પરિવારજનો આમને સામને આવી ગયા હતા.ત્યારે ડોક્ટર લોઢીયાએ તાત્કાલિક પચ્ચિમ પોલીસ ને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે આવી જઈ આ મામલાને થાળે પાડ્યો હતો.અને બાળકના મ્રુતદેહને પરિવારજનો ને સોંપી અંતિમવિધિ માટે રવાના કર્યા હતા.

### ડાંગ જિલ્લાના હનવતચોંડ ગામે પ્રધાનમંત્રી આવાસ યોજનામા આવાસ મળતા પરિવાર ખુશખુશાલ




**મારી નબળી પરિસ્થિતિ હતી, પરંતુ પ્રધાનમંત્રી આવાસ યોજના મળતા મારો પરિવાર પાકા મકાનમા રહે છે.**

— મંગીબેન પવાર

આહવાઃ તાઃ ૨૪ઃ ડાંગ જિલ્લાના આહવા તાલુકાના હનવતચોંડ ગામના લાભાર્થી મંગીબેન રાજેશભાઇ પવારને પ્રધાનમંત્રી આવાસ યોજનામા આવાસ મળતા પરિવારમા ખુશહાલી છવાઇ છે. તેમને ઁઆવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત રૂ.૧.૨૦ લાખની સહાય મળી છે. પહેલા કાચા મકાનમા નિવાસ કરતા મંગીબેન હવે પાકા મકાનમા પરિવાર સાથે નિવાસ કરી રહ્યા છે.

મંગીબેન પવાર જણાવે છે કે, તેઓની નબળી પરિસ્થિતિ હતી, તેઓ પાકુ મકાન બાંધી શકવાની હાલતમા હતા નહી, પરંતુ સરકારની સહાય મળતા તેઓ પાકુ મકાન બાંધી શક્યા છે. હવે પરિવાર સાથે તેઓ પાકા મકાનમા નિવાસ કરે છે.

કાચા મકાનમા પહેલા સતત ભેજવાળા નિવાસમા બીમારીઓનો ભોગ બનવુ પડતુ હતુ. પરંતુ હવે પાકા મકાનમા ચોમાસાના વરસાદ અને ભેજવાળા નિવાસથી રાહત થઇ છે. અન્ય એક આ ગામના જ લાભાર્થી સુનિલભાઇ કરસનભાઇ દળવી જણાવે છે કે, તેઓનુ પહેલા કાચુ મકાન હતુ પરંતુ, પ્રધાનમંત્રી આવાસ યોજનામા આવાસ મળતા તેઓ પાકુ મકાન બનાવી શક્યા છે. તેઓ પણ હવે પરિવાર સહિત ખુશ છે. ૨૦૨૦-૨૧ વર્ષમા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અરજી મંજૂર થતા પાકુ આવાસ બનાવવા માટે તેઓને રૂ.૧.૨૦ લાખની સહાય મળી હતી. સરકાર દ્વારા મળેલી મકાન સહાય બદલે તેઓ સરકારનો આભાર વ્યક્ત કરે છે. આજે તેઓ પરિવાર સાથે સુરક્ષિત અને સલામતીભર્યા આવાસમા નિવાસ કરે છે.

નરેન્દ્ર પવાર, ડાંગ

# માણાવદર તાલુકામાંથી પસાર થતી ઓઝત નદીનો પાળો તૂટી જતા કાંઠા વિસ્તારના ખેતરોનુ મોટા પાયે ધોવાણ થઈ ગયું, કોંગ્રેસે આવેદનપત્ર પાઠવ્યું

(જીગ્નેશ પટેલ દ્વારા)

ગુજરાતના દરેક જિલ્લા અને તાલુકાઓના ગામોમાં આ વર્ષે વરસાદે ધમરોળી નાખ્યા છે સિઝનનો વરસાદ ૮૦% પડ્યો છે તેમાય ૪ ઓગસ્ટ ૨૦૨૨ થી ૧૮ ઓગસ્ટ ૨૦૨૨ એમ ૧૪ દિવસ સુધી વરસાદે કાળો કોપ વરસાવ્યો હતો. અતિશય વરસાદને કારણે પ્રજાની માલ મિલકતોને મોટી નુકસાની થઈ છે.

આ નુકસાનની સંદર્ભે માણાવદર તાલુકા રાષ્ટ્રીય કોંગ્રેસના નેતાઓએ સિંચાઈ મંત્રીને માણાવદર મામલતદાર મારફત આજરોજ એક આવેદનપત્ર પાઠવી જણાવ્યું છે કે માણાવદર તાલુકામાંથી ઓઝત નદી પસાર થઈ રહી છે આ નદીને કાંઠે બાંધેલ પાળો ૪ ઓગસ્ટથી ૧૮ ઓગસ્ટ દરમિયાન સતત એકધારા પડેલ અતિભારે વરસાદથી તૂટી ગયો છે પાળો તૂટી જવાથી ઓઝત નદીના કાંઠે આવેલ ગામોના ખેડૂતોના ખેતરમાં પાણી ફરી વળતા ખેતરોને ભારે નુકસાની થઈ છે.



**માણાવદર તાલુકામાંથી ઓઝત નદી પસાર થઈ રહી છે આ નદીને કાંઠે બાંધેલ પાળો ૪ ઓગસ્ટથી ૧૮ ઓગસ્ટ દરમિયાન સતત એકધારા પડેલ અતિભારે વરસાદથી તૂટી ગયો છે પાળો તૂટી જવાથી ઓઝત નદીના કાંઠે આવેલ ગામોના ખેડૂતોના ખેતરમાં પાણી ફરી વળતા ખેતરોને ભારે નુકસાની થઈ છે**

જેમના ખેતરો ધોવાઈ ગયા છે તેવા ગામોમાં પાદરડી, કોયલાણા, મટીયાણા, આંબલીયા વગેરેનો સમાવેશ થાય છે પાદરડીના આઠ ખેતરો, મટીયાણાના ચાર ખેતરો, કોયલાણાનું એક ખેતર અને આંબલીયા ગામના બે ખેતરો મળી કુલ ૧૫ ખેડૂતોના ખેતરોનું ધોવાણ થયેલ છે. આવેદનપત્રમાં તમામ ખેડૂતોના નામો સિંચાઈ મંત્રીને મોકલવામાં આવ્યા છે અને સરકાર તાકીદ થી નદીકાંઠાના આ પાળા ને રીપેર કરે અને આનો કાયમી ઉકેલ આવે તે માટે જ્યાં જરૂર છે ત્યાં પૂર સંરક્ષણ દિવાલ બનાવી પ્રતિ વર્ષે સર્જાતા નુકસાનીના પ્રશ્નને હલ કરે એમ જણાવ્યું છે. આ આવેદનપત્ર આપતી વેળાએ માણાવદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ જીગ્નેશભાઈ છૈયા, જુનાગઢ જિલ્લા પંચાયતના સદસ્ય અરવિંદભાઈ લાડાણી, માણાવદર શહેર કોંગ્રેસ પ્રમુખ વિજય ઝાટકિયા, માણાવદર તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા ધર્મેન્દ્ર બોરખતરીયા, માણાવદર તાલુકા ઓબીસી પ્રમુખ વિરમભાઈ ખોડભાયા, કોંગ્રેસ અગ્રણી ભરતભાઈ ડાંગર, માણાવદર તાલુકા કોંગ્રેસ અગ્રણી સુરેશભાઈ મોરી વગેરે ઉપસ્થિત રહીને માણાવદર મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું.

અહેવાલ - જીગ્નેશ પટેલ
માણાવદર

# ઢોર મુદ્દે હાઈકોર્ટે રાજ્ય સરકારની કાઢી ઝાટકણી, જો સરકાર સક્ષમ ન હોય તો કોર્ટ હસ્તક્ષેપ કરે

અમદાવાદ,તા.૨૪

રાજ્યભરમાં ઢોરના ત્રાસને કારણે અનેક લોકોના જીવ ગયા છે. આ અંગે ગુજરાત હાઈકોર્ટે આજે રાજ્ય સરકારને ટકોર કરતા વેધક સવાલો પૂછ્યા હતા. કોર્ટે સરકારને કહ્યું હતુ કે, જો આ મામલે સરકાર સક્ષમ ન હોય તો કોર્ટ હસ્તક્ષેપ કરશે. આ સાથે હાઈકોર્ટે રાજ્ય સરકારને તાત્કાલિક જવાબ રજૂ કરવા માટે આદેશ કર્યો છે

.ગુજરાત હાઈકોર્ટે ગઈકાલે પણ રાજ્ય સરકારને સીધો પ્રશ્ન કર્યો હતો કે, રખડતા ઢોરોના ત્રાસ નિવારણ માટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા વારંવાર જાહેર કરાયેલા મહત્વના આદેશો છતાં રખડતા ઢોરોની ગંભીર સમસ્યાનું નિરાકરણ શા માટે હજુ સુધી આવ્યું નથી? તો આજે ફરી હાઈકોર્ટે ગુજરાત સરકારની ઝાટકણી કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતુ કે, રખડતા ઢોરને કારણે કોઈના જીવના જવા જોઈએ. જો આ મામલે સરકાર સક્ષમ ન હોય તો કોર્ટ હસ્તક્ષેપ કરશે. સરકાર આ મામલે તાત્કાલિક જવાબ રજૂ કરે અને આ મુદ્દે ઝડપી કાર્યવાહી કરે.ગુજરાત હાઈકોર્ટે ગઈકાલે પણ રાજ્ય સરકારને સીધો પ્રશ્ન કર્યો હતો કે, રખડતા ઢોરોના ત્રાસ નિવારમ માટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા વારંવાર જાહેર કરાયેલા મહત્વના આદેશો છતાં રખડતા ઢોરોની ગંભીર સમસ્યાનું નિરાકરણ શા માટે હજુ સુધી આવ્યું નથી? તો આજે ફરી હાઈકોર્ટે ગુજરાત સરકારની ઝાટકણી કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતુ કે, રખડતા ઢોરને કારણે કોઈના જીવના જવા જોઈએ. જો આ મામલે સરકાર સક્ષમ ન હોય તો કોર્ટ હસ્તક્ષેપ કરશે. સરકાર આ મામલે તાત્કાલિક જવાબ રજૂ કરે અને આ મુદ્દે ઝડપી કાર્યવાહી કરે તેવો આદેશ કર્યો છે.

આ પહેલા હાઈકોર્ટે એવી પણ ટકોર હતી કે, શહેરના મોટાભાગના રસ્તાઓ પર જ્યાં જુઓ ત્યાં રખડતા ઢોર જોવા મળી રહ્યા છે. જે અદાલતના હુકમનું પાલન નહી થઈ રહ્યુ હોવાની વાતને સ્પષ્ટ કરે છે.



રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના સહુથી નાના પુત્રી અને જાણીતા કથ્થક નૃત્યાંગના, ગાયિકા મુરલીબેન મેઘાણીનું ૭૮ વર્ષની ઉંમરે ૨૩ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ વહેલી સવારે દુઃખદ અવસાન થયું છે.

૧૯૪૪માં જન્મેલા, અપરણિત મુરલીબેનને પોતાના ભાવનગર સ્થિત નિવાસસ્થાને ઊંઘમાં જ હાર્ટએટેક આવ્યો.

પરમાત્મા સદગતના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના ..

- પિનાકી મેઘાણી

## બેસણું



**મારા પિતાશ્રી જયેશભાઇ દિનેશભાઇ દવે નું તા.૨૨-૦૮-૨૦૨૨ નાં રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૫-૦૮-૨૦૨૨ ને ગુરૂવારનાં રોજ સવારે ૯ થી ૧૨ કલાકે નીચેનાં સ્થળે રાખેલ છે.**

**સ્થળ : જૈનવાડી, ગઢીયા ચાર રસ્તા, સાણંદ. જી.અમદાવાદ.**

**લિ.આકાશ જયેશભાઇ દવે (પુત્ર)**

| | |
|---|---|
| રમેશભાઇ ડી.દવે (કાકા) | કમલેશભાઇ ડી.દવે (ભાઇ) |
| પ્રજ્ઞેશભાઇ એ.દવે (ભાઇ) | હરીશભાઇ ડી.દવે (કાકા) |
| વિજયભાઇ કે.પંડીત (મામા) | દિપકભાઇ એચ.ભટ્ટ(ફૂવા) |
| જીતેન્દ્રભાઇ કે.પંડીત (મામા) | મનોજભાઇ કે.પંડીત (મામા) |


# રાજકોટમાં પુત્રીના પ્રેમીના ત્રાસથી કંટાળી પિતાએ આપઘાતનો પ્રયાસ

રાજકોટ,તા.૨૪

રાજકોટના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં આધેડે ડીડીટી પી આપઘાતનો પ્રયાસ કરતા તેણે સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આધેડની સગીરવયની પુત્રીને ભગાડી જનાર પ્રેમી અને તેના પરિવારજનોએ ધમકી આપતા પગલું ભર્યાનું સામે આવ્યું છે.આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતા અને કડિયા કામ કરતા દિનેશભાઈ ભલાભાઇ રત્નોતર નામના ૪૨ વર્ષના આધેડે હ્યુન્ડાઈના શોરૂમ પાછળ ડીડીટી પી લેતા તેને ગંભીર હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

હોસ્પિટલના બીજાને રહેલા દિનેશભાઈ રત્નોતરે જણાવ્યું હતું કે પોતાની સગીર વયની પુત્રીને પડોશમાં રહેતા અજય નવઘણ ભરવાડ નામનો ૨૧ તારીખે ભગાડી ગયો હતો ત્યારબાદ દિનેશભાઈએ આ અંગે પોલીસમાં નોંધ કરતા અજય ભરવાડ અને તરુણીને વડોદરાથી પોલીસે દબોચી લીધા હતા.દિનેશભાઈએ પોલીસમાં નોંધ કરતા અજય ભરવાડ અને તેમના પરિવારજનોને પોલીસ સ્ટેશનને બોલાવવામાં આવ્યા હતા. જ્યાં અજય ભરવાડ અને તેના પરિવારજનોએ આ બાબતે સમાધાન કરી લેવા માટે ધમકીઓ આપી હતી. જેના પગલે કંટાળીને આધેડે ડીડીટી પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. અંગે પોલીસે ઘટનાની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# આગામી સમયમાં શક્તિપીઠ બહુચરાજી ના ભવ્ય વિકાસ આયોજનની શરૂઆત થશે




ગુજરાત સરકાર દ્વારા બહુચરાજી શક્તિપીઠ માટે ટ્રસ્ટી મંડળની જાહેરાત ભાજપા પ્રદેશ મીડિયા કન્વીનર ડો. યજ્ઞેશ દવે નો સમાવેશ સાથે પૂર્વ સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલ તથા પૂર્વ ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત નો સમાવેશ. આ નિમણૂક આગામી ચાર વર્ષ માટે રહેશે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK